Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

હરિઃ ૐ

# હરિભાવ

Year : 24 - Issue : 08


July, 2020



પૂજ્ય શ્રીમોટા

## ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુર્ ગુરુર્દેવો મહેશ્વરઃ ।
## ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥

*ગુરુ બ્રહ્મારૂપ છે, ગુરુ વિષ્ણુરૂપ છે, ગુરુ સાક્ષાત્ દેવરૂપ મહેશ્વર છે,*
*ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ છે, તેવા શ્રીગુરુને નમસ્કાર હો.*



**અજ્ઞાનાંધ્ય નિવારીને જ્ઞાનાંજન સળી થકી,**
**ઉઘાડી આંખ જેણે તે નમું શ્રીગુરુદેવને.**

**- શ્રીરંગ અવધૂત**

*'શ્રીગુરુલીલામૃત કર્મકાંડ', આ., ૧૪, પૃ. ૧*

‘હરિવાણી ટ્રસ્ટ’ દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : પ્રભુદાસ જાની
સહાયક : વિવેક દેસાઈ

**પ્રકાશન સ્થળ :**
બી/૫, સ્વસ્તિક એપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

વર્ષ : ૨૪ અંક : ૮ જુલાઈ, ૨૦૨૦

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**સરનામાના ફેરફાર અંગે, ‘હરિભાવ’ ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક : શ્રી સુરેશ વૉરા**
**Mo. / SMS / Whatsapp - 9427554391**

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (ઍરમેઈલથી)
એકથી દસ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
‘હરિવાણી ટ્રસ્ટ’, C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી ‘હરિવાણી ટ્રસ્ટ’ ના નામે લખવો

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : ‘હરિવાણી ટ્રસ્ટ’**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ**
**www.hariommota.org** ઉપર
**‘હરિભાવ’ ઉપલબ્ધ હોય છે.**
**ફોન : (૦૨૬૧)૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬**

* Subject to Ahmedabad Jurisdiction

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, મો.:૯૩૨૭૦૩૬૪૧૪**

## અનુક્રમ

૧. પ્રાર્થનાનો ઉપયોગ તો કરી જુઓ ................ શ્રીમોટા ૪
૨. મોહની માયા મોટી છે ......................... શ્રીમોટા ૫
૩. મંત્ર જપ શક્તિ .................. પૂજ્ય પ્રેમ અવધૂતજી ૮
૪. માનવમન : સાર્વજનિક જગ્યા .............. શ્રીમાતાજી ૧૦
૫. મંત્રજપની વૈજ્ઞાનિક સમજ .......... સ્વામી શ્રીસદાશિવ ૧૧
૬. ફૂલહાર અંગે ..................... શ્રીઉપાસની મહારાજ ૧૩
૭. ભગવાનનું ઠેકાણું એના નામથી જડે ............ શ્રીમોટા ૧૪
૮. શ્રીમોટા : શ્રીઅરવિંદ : કેટલીક સામ્યતા ..... બાબુ સરકાર ૧૬
૯. અક્રિય મન શુદ્ધ રહે છે ........ શ્રી છોટાલાલ જીવણલાલ ૧૯
૧૦. સપ્તપદી ............................ પાંડુરંગ આઠવલે ૨૦
૧૧. ખાતમુહૂર્ત વિધિનો મર્મ ........................ શ્રીમોટા ૨૩
૧૨. કુવિદ્યાનાં લક્ષણો ...................... સ્વામી રામદાસ ૨૬

## જાણ અર્થે

**કોરોના વાઈરસ અને લૉકડાઉનના કારણે એપ્રિલ, ૨૦૨૦ અને મે, ૨૦૨૦ના ‘હરિભાવ’ના અંક પ્રકાશિત કરી શકાયા નથી. તેને ધ્યાનમાં લઈને સર્વે વાર્ષિક ગ્રાહકની મુદતમાં બે મહિનાની મુદત લંબાવી અપાશે જે જાણ અર્થે.**

**—સંપાદક**

## (૧) પ્રાર્થનાનો ઉપયોગ તો કરી જુઓ

**શ્રીમોટા**

તમારાં બધાંનાં યોગ્ય જીવનને વિકસાવનારા સથવારાની મને કેટકેટલી જરૂર છે ? મારી તે પ્રકારની ભૂખ કેવી ને કેટલી છે ? એને કોણ સંતોષે છે ? એને બિચારાને તો ભૂખ્યો ને ભૂખ્યો જ સહુ કોઈ રાખે છે. એની દયા કોઈને પણ આવતી નથી.

કોઈને એમ પણ વિચાર થતો નથી કે આપણી અનેક પ્રકારની આડીઅવળી કરણીથી, વિચારસરણીથી, અનેક પ્રકારનાં ઊઠતાં વૃત્તિ-વિચારથી, જાગતાં પ્રકરણોથી એને શું શું થતું હશે ? એનો એવો યોગ્ય વિચાર પણ આપણા રોજિંદા વહેવારવર્તનમાં કોણ કરે છે ? **ઘણાંખરાં તો એનું ખૂન કરતાં હોય છે. કોક કોક તો વળી એનું ગળું દબાવીને એને ગૂંગળાવી મારે છે. આ હકીકત કપોલકલ્પિત નથી** તેમ કલ્પનાની પણ નથી, કિંતુ અનુભવની સાચી હકીકત છે, પણ એને કોણ માને ?

હું તો એમ કહું છું કે હે વહાલાં સ્વજનો ! જો **જીવનનું મંડાણ ન જ માંડવાનું હોય, તો આ જીવને ખાલી ખાલી બકરીના ગળાના આંચળની પેઠે વળગવાથી શું વળવાનું છે ?** મારે તો પ્રભુકૃપાથી કોઈનાય આશ્રયની જરૂર નથી. એકલો, સમર્થમાં સમર્થ સાચા ધણીનો આશ્રય બસ છે. એ જ જેમાં ને તેમાં પૂરતો છે.

આપણે બધાં નીકળ્યાં છીએ જીવનવિકાસ કરવાની સાધના કરવા, પણ આપણી શી ખૂબી છે ! ગુરુએ સાધનને તો ઘણું ઘણું સમજાવ્યું, **પ્રાર્થનાનો ઉપયોગ કરવાનું સૂચવ્યા કર્યું,** પણ ખરેખરી હૃદયની ભાવનાથી કેટલાં એનો સાચો પૂરો ઉપયોગ કરી શકે છે ? ખરી અણીની વેળા પ્રગટતાં, **પ્રાર્થનાનો ઉપયોગ તો કરી જુઓ !**

પ્રાર્થના કરવાથી જે બાબતમાં પ્રાર્થના કરતાં હોઈએ તે ફળે કે ન ફળે તે ઘણા મહત્ત્વની હકીકત નથી, પરંતુ જેમ જેમ પ્રાર્થનાનો ભાવ આપણા હૃદયમાં પ્રત્યક્ષપણે જીવતો બન્યા કરતો હોય છે, તેમ તેમ શ્રીભગવાનના ભાવ સાથેનો આપણા અંતરનો સંબંધ બંધાતો જતો હોય છે. એવું અનુભવનું જ્ઞાન આ જીવને પ્રાર્થનાના ઉપયોગમાં લેવાતાં સાધનમાંથી, એની કૃપાથી પ્રગટી ગયેલું છે. તેવા અનુભવની ભેટ સ્વજન, પ્રભુને ચરમકમળે અંતઃકરણના ભાવથી મૂકું છું.

અનેક સંતભક્તજ્ઞાની આત્માઓએ જીવન-વિકાસની સાધનામાં પ્રાર્થનાનો સહારો લીધા જ કરેલો છે. તેઓએ તો કંઈક થતાં શ્રીભગવાનને પોકાર પાડ્યા જ કરેલા છે. એવા પોકારથી આપણે હળવા, શાંતિવાળા બની જતાં હોઈએ છીએ !

જીવનમાં પ્રાર્થનાના આવા ઉપયોગીપણાના અનુશીલન પરિશીલનથી અંતરમાં ભક્તિનો ભાવ પ્રગટે છે. એવું થયા પછી આપણને પ્રાર્થનાના સાધનની જરૂર ઊભી રહેતી નથી ત્યારે જાણવું કે જીવનમાં પ્રાર્થનાનું સાધન પાકી ગયેલું છે.

હૃદયમાં હૃદયથી શ્રીચેતન સાથેનો ભક્તિનો સંબંધ જ્ઞાનપૂર્વક અનુભવથી બંધાઈ જતાં આપણને અનેક પ્રકારના તેના સંબંધોનો પણ અનુભવ થવા માંડતો હોય છે. તેની સાથે પિતાભાવે, માતાભાવે, મિત્ર-સખાભાવે, દાસ્યભાવે, પ્રણયી-પ્રિયાના મધુર ભાવે-એવા અનેક જુદા જુદા પ્રકારના સંબંધના અનુભવ પ્રગટ્યા કરે છે.

આવા સંબંધ મનુષ્ય જીવની કક્ષાના સંબંધો કરતાં ઘણી ઘણી ઉચ્ચતમ, દિવ્ય, રમ્ય, ભવ્ય કક્ષાના સંબંધ છે. આ તો માત્ર ઉપરની યોગ્ય હકીકત સમજાવવાને તે કારણે તેવું તેવું લખવાનું બનેલું છે.

'જીવનપોકાર', બી.આ., પૃ. ૧૩૬ ❑

## (૨) મોહની માયા મોટી છે

સુરત આશ્રમમાં એક બહેન ૪૯ દિવસના મૌનમાં બેસીને બહાર નીકળ્યાં હતાં. તે બહેને મને કહ્યું, **'મોટા, તમે જિજ્ઞાસા, શ્રદ્ધા, ભાવ, નિમિત્ત વગેરે પર બધું લખ્યું, તો હવે તમે 'મોહ' પર લખો તો સારું.'** મેં તે બહેનને કહ્યું, 'બહેન, લખતાં તો વાર નહિ થાય, પરંતુ તે છપાવવા કાજે જે રકમ જોઈએ તે આપવાની ઉમળકાભેર તમારી તૈયારી હોય તો કહેજો. કલમ તૈયાર છે.' તે બહેને તે બાબતમાં સંમતિ દર્શાવી ને છપાવવાને માટે જે ખર્ચ થાય, તે બધો જ ખર્ચ પોતે આપવાની પ્રેમથી તત્પરતા દર્શાવી. આ હકીકત બની તા. ૧૩-૮-૧૯૭૩ની સાંજે.

તા. ૧૫-૮-૧૯૭૩ના રોજ અમે વડોદરા હતા, ત્યાં બપોરના આરામ કરતી વેળા **'મોહ'** ઉપર દસેક કડીથી શુભ શરૂઆત થઈ. તે પછીથી ધીમે ધીમે 'મોહ' ઉપર લખાતું ગયું. તેમાં કેટલાક દિવસ તો મુદ્દલે લખી શકાતું ન હતું. દસબાર માસ પહેલાંનો લખવાની બાબતનો જુસ્સો આ 'મોહ'નાં લખાણમાં પ્રગટી જ શકતો ન હતો. એટલે શ્રીહરિકૃપાથી એમ નક્કી થયું કે જ્યારે તે લખવાની બાબતનો ભાવ જાગે ત્યારે જ 'મોહ' ઉપર લખવું. આમ, કટકે કટકે થઈને 'મોહ' ઉપર તા. ૪-૯-૧૯૭૩ સુધીમાં બધું લખાયું.

મોહનાં કેટકેટલાં પાસાં ! તે વિશે કાંઈ ઝાઝું વિચારવાનું બન્યું નથી. તે બધું આપમેળે લખાયા ગયું છે.

મોહનાં પ્રત્યક્ષ લક્ષણો, મોહ કઈ રીતે ઘટે કે મોળો પડે, ક્યારે ન હોય તે, મોહ મોળો પડે ત્યારનાં લક્ષણો અને કઈ સ્થિતિમાં મોળો પડે, આ બધું શ્રીહરિકૃપાથી તેની તેની યોગ્યતા સાથે અને તેનાં તેનાં તે પરત્વેનાં લક્ષણો સાથે, ને તે તે બધું તેની યથાયોગ્યતામાં સમજી શકાય અને બુદ્ધિથી સ્વીકારી શકાય તેવી રીતે શ્રીહરિકૃપાથી લખાયું છે. **મોહના પ્રારંભમાં જે રીતની શરૂઆત છે અને અંતમાં જે રીતે તેનું સમાવર્તન થયું છે, તે વાચકે જરા ગંભીરતાથી ને લક્ષ દઈને વાંચવાની જરૂર છે.**

આમાં કેટલાક તદ્દન ઘરગથ્થુ શબ્દોનો પણ ઉપયોગ થયેલો છે. તદ્દન ગામડાંમાં બોલાતી ભાષાના શબ્દનો પણ ઉપયોગ આ જોડકણાંમાં થયેલો છે. વસ્તુને તદ્દન સરળ બનાવવાને કાજે, એવા હેતુના જ્ઞાનભાન સાથે તેમ થયેલું છે. એમ કરવા જતાં કદીક કાવ્યનો ગુણ ઊડી જતો હોય એવું પણ બને. જોકે આ 'મોહ'નું સર્જન જે થયેલું છે, તે તો છે માત્ર જોડકણાં. એટલે એમાં કાવ્યના ગુણદોષનો સવાલ રહેતો જ નથી.

**શ્રીહરિકૃપાથી મારે શબ્દના સોદાગર થવું નથી.** તેમ પંકાતી જતી હોય તેવી હરોળમાં બેસવાની દિલની ખેવના પણ નથી. શ્રીહરિની કૃપાથી લખતાં લખતાં જેમ જે આવ્યું છે તે તેમ ને તેમ રખાયું છે, ક્યાંય પણ કશું મઠારવાનું કરેલ નથી. વિદ્વત્તાભર્યા લખાણમાં કદીક કદીક બાહ્યાચારની બોલબાલાને વાતોની વણઝાર હોય છે. આ હકીકત કોઈને અન્યાય કરવા કે થવા નથી લખી, પરંતુ કંઈ પણ કશા પરત્વે અતિશયોક્તિભર્યો ઝોક ન અપાય તે જ યોગ્ય છે ને તે જ દૃષ્ટિબિંદુ સાચવવાનો આ જોડકણાંમાં મારો નમ્ર પ્રયાસ છે.

વળી, **આ 'મોહ' ઉપરનું લખાણ શ્રેયાર્થીને**

**ઉદ્દેશીને પણ છે.** જરાતરા, થોડીઘણી મોહની વૃત્તિથી છુટકારો થાય તેવું જેને યત્કિંચિત્ સળવળેલું છે, તેવાઓને ઉદ્દેશીને પણ આ લખાયેલું છે. **શ્રેયાર્થીનો માર્ગ પણ વળી સર્વથી નોખો હોય છે.**

**જેમાં ને તેમાં હરેકમાં તે તે પ્રત્યેક ક્ષેત્રની સાંપ્રદાયિકતા હોય છે.** એટલું જ નહિ પરંતુ તે ઘૂંઘટથી વીંટળાયેલી પણ હોય છે. એટલે શ્રેયાર્થીમાં જો સાચે જ મર્યાદાતીત એવું જે ચેતન બ્રહ્મ છે, તેને જ જો અનુભવવાની જ્વાળામુખી જેવી ભડભડતી અને ધગધગતી જિજ્ઞાસા પ્રગટેલી હશે, તો તેવા શ્રેયાર્થીએ અનેક પ્રકારનાં સમજણો, ટેવો, આગ્રહો ને પ્રત્યેક ક્ષેત્રની સાંપ્રદાયિકતાને પણ પ્રેમથી તેના હેતુના જ્ઞાનભાન સાથે છોડવાની તો રહેશે જ, ને આમ **શ્રેયાર્થીનો તો ચીલો જ હોતો નથી. તેણે પોતે કરીને પોતાનો આગવો ચીલો પાડવાનો રહે છે.** તો આવી જ કોઈ સમજણથી જે કોઈ શ્રેયાર્થી હોય, તેમણે તેમણે 'મોહ' ઉપરનાં મારાં આ જોડકણાં તેવા હેતુથી વાંચવાં એવી મારી નમ્ર વિનંતી છે.

જીવનનાં સઘળાં જ મૂલ્યો બદલાયા વિના-તે પણ સમગ્રતાથી ને તેની સંપૂર્ણતાથી-ચેતનનો અનુભવ થવો કદાપિ શક્ય નથી. તેથી જ આવા પ્રકારનો જે ભાવાત્મક પુરુષાર્થી છે એ તો ક્રાંતિવીર હોય છે. જેમાં ને તેમાં એને તો નૂતન ક્રાંતિના નૂપુરઝણકાર સંભળાતા હોય છે. એની કેડી તો એણે પોતે આગવી પાડેલી છે. એવો પછી કોઈની સાથે કેવી રીતે મળતો આવી શકે ? એવાને કોઈની સાથે સરખાવી નહિ શકાય, સરખાવાય જ નહિ. એવો જે કોઈ છે તે તો સાચે જ મરજીવો છે.

**બ્રહ્મ જેમ સંપૂર્ણ સમગ્રતાને સ્પર્શે છે, તેવી રીતે જ બ્રહ્મનો અનુભવી પણ કોઈ ને કોઈ રીતે સમગ્રતાને સ્પર્શતો હોવો ઘટે. તેની ભાષા પણ એવી હોય કે જે સમગ્રતાને સ્પર્શે. એટલે કે તે એવી હોય કે તદ્દન અભણ અને ગામડાંમાં રહેતા માણસને પણ સમજાય. તેનાં કર્મ પણ સમગ્રતાને સ્પર્શે એવાં જ હોય.** આવી મારી અંગત સમજણ હોવાથી શ્રીહરિકૃપાથી જે જે કાંઈ લખાણ લખાયા છે, તે બધાં જ સમજવામાં સરળ છે. વળી, જે યજ્ઞકર્મ શ્રીહરિકૃપાથી લેવાયા છે એ પણ સમગ્રતાને સ્પર્શે એવાં છે. અનુભવીનાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણ અમર્યાદિત છે, તે કદાપિ સંકુચિત ન હોઈ શકે ને કદાચ હોય તો તે યોગ્ય પરિપૂર્ણ, પરિપક્વ અનુભવી ન ગણાય એવી મારી ગાંડીઘેલી સમજણ છે. 'મોહ'ને સમજાવવા બહુ લાંબું જવું પડે તેમ નથી.

'મોહ'ને તો બધાં જ બરાબર જાણે છે. **જે તે બધાં મોહમાં પડેલાં જ છે, કિંતુ તેવું તેમને તેમને તે પરત્વેનું કશું જ ભાન જાગતું હોતું નથી. એ જ મોટામાં મોટી મોહની માયા છે.** આ 'મોહ' વાંચવાથી 'મોહ'ની સંપૂર્ણ સ્પષ્ટતા, કાંઈ નહિ તો બુદ્ધિની સમજણમાં તો આવી જશે જ.

આ 'મોહ'નું સર્જન સાહિત્યરસિકો કરતાં શ્રેયાર્થીને માટે શ્રીહરિકૃપાથી લખાયેલું છે. તેથી સાહિત્યને ન શોભે એવું પણ કેટલુંક તેમાં છે, જેમ કે -

*મોહને શો ચટકો છે ! ચાટ્યા કરે જ ચાટને !*
*છતાં જાય હડાકો ના, એવો શો મોહ લટ્ટુ છે !*

આ લીટીઓથી કદાચ કોઈની રસિકતાને ખૂંચે એવું લાગે, તો તેવા મને માફ કરે, પરંતુ મોહ પ્રત્યક્ષપણે તેવો જ છે. મારે તો જેવો મોહ છે, તેને તેના સ્પષ્ટ, નગ્ન સ્વરૂપમાં

દર્શાવવાનો છે, કે જેથી કોઈ શ્રેયાર્થી તેને જો યોગ્ય રીતે સમજી શકે ને જો તેની શ્રીહરિ પરત્વેની ભાવનામાં અભિમુખતા જાગી શકી હોય, તો મોહનાં એવાં દર્શનથી **મોહ તેને ખરેખરા અર્થમાં ઊંડો હૃદયથી હૃદયમાં ડંખવા લાગે, તો મોહ મોળો જરૂર પડી શકે છે. ખરી રીતે તો શ્રેયાર્થીનું આત્મલક્ષણ મોહથી ઊર્ધ્વક્ષેત્રનું જેમ જેમ જીવતું ને ચેતનાત્મક પ્રગટ્યા કરતું રહે છે, તેમ તેમ જીવદશાનાં કામક્રોધાદિ વલણ મોળાં પડતાં જતાં હોય છે, એવો શ્રીહરિકૃપાથી પ્રત્યક્ષ અનુભવ છે.**

એનો એ જ મોહ અનુભવીનો વળી શ્રીહરિભાવના ક્ષેત્રમાં કોઈ અનન્ય ભાવથી તેવા તેવા જીવના ક્ષેમ-કલ્યાણના હેતુ અર્થે જ્ઞાનભક્તિપૂર્વક પ્રવર્તતો હોય છે, તેને તો કોણ પિછાની શકે ? તેવા ચેતનાનિષ્ઠ અનુભવીનું મોહનું વલણ મોહનું દેખાતું હોવા છતાં તેવા ચેતનાનિષ્ઠે પોતાના શ્રીહરિના ભાવનું પ્રત્યક્ષ દર્શન શુદ્ધ પ્રયોગાત્મક રીતે તેમને તેમને કરાવેલું જ હોય છે. એણે પોતાના દિલના ભાવને એમ જીવદશાના કામક્રોધાદિથી તદ્દન સ્વતંત્રપણે સહજ ભાવે સ્વયંસિદ્ધ શ્રીહરિકૃપાથી પ્રવર્તમાન થયેલો અનુભવ્યો હોય છે. આમ, **કામ, ક્રોધ, મોહાદિ જીવદશાના જુદા હોય ને તેના તે જ ઊર્ધ્વ દિવ્ય ચેતનાના પ્રદેશમાં પણ જુદા હોય.**

માતા, બાળકનો મળ સ્વચ્છ કરે, ને એક હરિજન ભાઈ તેમ કરે, બન્નેની પ્રક્રિયા એકની એક જ છતાં બન્નેના મનોભાવમાં ફરક. તેવું તેવું કામ, ક્રોધ, મોહાદિનું સમજવાનું છે.

સામાન્ય માનવીને પણ આ 'મોહ' સમજાય તેવો છે, પરંતુ માત્ર **ખાલી ખાલી સમજવાથી તે ટળી શકે તેવો પણ નથી. તે કેમ અને ક્યારે ટળે એ વિશે પણ શ્રીહરિકૃપાથી લખાયું જ છે.**

**'મોહ'ને મોહદશામાં રહીને, તેવી ભૂમિકામાં જીવીને, કદી પણ મોળો નહિ પાડી શકાય.** મોહથી ઊર્ધ્વ પ્રકારના મનનચિંતવનમાં અને તે પરત્વેના એકધારા ભક્તિપૂર્વકના, પુરુષાર્થવાળા જિજ્ઞાસાપૂર્વક લાંબાગાળાના સદ્‌ભાવથી અને હેતુપૂર્વકના અભ્યાસથી તેમાં નવચેતન અને પ્રાણ જીવતાં જાગતાં થતાં, ને તે તે બધું ચેતનાત્મકપણે પ્રગટતાં ને પાછું તે અખંડ થતાં, 'મોહ' ટળતો હોય છે. આ હકીકત પરત્વેનું લખાણ બને તેટલું સ્પષ્ટમાં સ્પષ્ટ આ જોડકણાંમાં લખાયું છે ખરું.

આ 'મોહ'નાં જોડકણાંમાં એકની એક હકીકત કદીક ફરી ફરી આવતી લાગે તો વાચક મને માફ કરે. જે હકીકત વાચક કે શ્રેયાર્થીના દિલમાં ખાસ દઢાવવાની હોય, તે હકીકત વારંવાર દોહરાવાય, તો જ તેના મનમાં ઘોળાય ખરી, તેવા હેતુથી કેટલુંક પુનરાવર્તન થયું છે ખરું. ખાસ કરીને શ્રેયાર્થી માટે તો તેવું તેવું યથાયોગ્ય જ છે, તેવો મારો પોતાનો અનુભવ છે. **જીવનવિકાસના ક્ષેત્રમાં વિકાસને સાનુકૂળ હોય એવી હકીકતના પુનરાવર્તનને યોગ્ય ગણેલું છે.** તેમ છતાં તેવું પુનરાવર્તન આ જોડકણાંમાં કોઈકને ડંખે કે દોષ જેવું લાગે તો તે સર્વની હું ક્ષમા માગી લઉં છું.

આ કાવ્ય નથી, માત્ર ખાલી જોડકણાં છે. શ્રીહરિકૃપાથી અનુષ્ટુપ છંદ મને ફાવી ગયો છે. શાસ્ત્ર પ્રકારનું કાંઈ પણ કશું હોય તો તે અનુષ્ટુપમાં જ લખાય છે, તેવો સામાન્યપણે ઘણાં ઘણાં વર્ષોથી રિવાજ પડી ગયેલો છે. તેથી આ 'મોહ' ઉપરનું લખાણ અનુષ્ટુપમાં લખાયેલું છે. તેની યથાર્થતા કેટલી યોગ્ય છે, તેનો તો વાચકો જ ન્યાય કરશે.

'મોહ', પ્ર.આ., લેખકના બે બોલમાંથી,તા.૧૦-૯-૧૯૭૩ ❑

## (૩) મંત્ર જપ શક્તિ

**પૂજ્ય પ્રેમ અવધૂતજી**

*(શ્રીરંગ પરિવારના સેવક અમદાવાદના ડૉ. ઈન્દુભાઈ દવેના નિવાસસ્થાને તા. ૫-૧-૧૯૯૨ના રોજ થયેલ ૨૪ કલાકની ધૂનની સમાપ્તિ વેળાએ વ્યક્ત કરેલ આશીર્વચન-સંપાદક)*

अमन्त्रमक्षरो नास्ति नास्ति वनस्पतिरौषधि विना ।
अयोग्यो पुरुषो नास्ति योजकस्तत्र दुर्लभः ॥

**અર્થ :** એક પણ અક્ષર એવો નથી કે જે મંત્ર ન બની શકે, એક પણ વનસ્પતિ એવી નથી કે જે ઔષધિ નથી, કોઈ પણ માણસ નકામો, અયોગ્ય નથી, પરંતુ આ બધાનો ઉપયોગ કરનાર યોજક મળવો મુશ્કેલ છે.

પ્રત્યેક અક્ષરમાં મંત્રની અનંત શક્તિ છે. દરેક **શબ્દનો ધ્વનિ, અવાજ કે નાદ હોય છે. ધ્વનિ કે નાદમાં દરેક શબ્દની આગવી ઊર્જા હોય છે. નાદમાં અગ્નિ તત્ત્વ હોય છે.** પરદેશમાં સાઉંડ થેરાપી (Sound Theraphy)-ઊર્જા શક્તિથી તો રોગ મટાડવાનું શરૂ થઈ ગયું છે. આપણે અહીંયાં થેરાપી વિશે બહુ ઊંડાણમાં નથી જવું.

**શબ્દનો અર્થ હોય છે અને શબ્દનો ભાવ હોય** છે. દરેક શબ્દ કે મંત્રમાં નાદ, અર્થ અને ભાવ હોય છે. મંત્રનો તો સ્વતંત્ર વિષય છે, તેને મંત્ર યોગ-જપયોગ કહ્યો છે. જેના દ્વારા આત્મા પોતાના મૂળ સ્વરૂપ પરમાત્મા સાથે ઐક્યતા અનુભવે છે. એમ પણ કહેવાય કે સ્વસ્વરૂપમાં સ્થિર થાય છે. જે વસ્તુ જ્યાંથી ઉત્પન્ન થાય છે ત્યાં જ અંતે સમાય છે.

જપ, ધૂન કે મંત્ર જે કંઈ કરીએ છીએ તે વાણી વૈખરી કહેવાય છે. વાણીના પ્રકારો અને તેની ઉત્પત્તિના વિસ્તારમાં અહીં આપણે જવું નથી. ટૂંકમાં શબ્દ, નાદ કે ધ્વનિની ઊર્જા તે જપ, ધૂન કે મંત્ર જપ કરનારની આસપાસ અને તેની અંદર પણ વહે છે. તેનાથી આપણાં રોમે રોમ અને આસપાસનું વાયુમંડળ શુદ્ધ થાય છે.

**મંત્રના જપમાં જે નાદ હોય છે, તે શરીરશુદ્ધિ, નાડીશુદ્ધિ કરે છે, તેનો અર્થ છે તે બુદ્ધિ શુદ્ધ કરે છે અને ભાવ ચિત્તશુદ્ધિ કરે છે.** એટલે દરેક અક્ષર, મંત્ર કે ધૂનમાં આવી શક્તિ હોય જ છે. જેટલો ભાવ શુદ્ધ, હેતુ શુદ્ધ તેટલો તેનો લાભ વધુ થાય છે. આવાં સત્કર્મો દ્વારા વાણી, વર્તન અને વિચારને શુદ્ધ કરવાનાં હોય છે, નહિ તો તે માત્ર ક્રિયા જ રહે છે.

બીજમંત્રમાં સઘન શક્તિ હોય છે, જ્યારે **નામજપમાં ભાવ વધુ હોય છે.** તે દ્વારા વાણીના મૂળ સ્વરૂપ સુધી પહોંચવાનું છે. ધૂનનો મંત્ર જપ કર્યા પછી તેનો સૂક્ષ્મ નાદ જે અંતરમાં ગૂંજે છે તે સાંભળવા થોડીક ક્ષણો મૌન થઈ જશો તો તે દ્વારા નાદનું મૂળ સ્થાન જે સહસ્રાધાર છે, તે શૂન્ય મહેલના દ્વારે પહોંચી જશો. ધૂનમાંથી મૌન, મૌનમાંથી શૂન્ય સુધીની યાત્રા મંત્ર જપની ધૂન કરાવી દેશે અને એનાથી આગળનું સમગ્રતા જ સંભાળી લેશે.

ચોવીસ કલાકની આવી ધૂનથી 'નાદબ્રહ્મ'નું જે વાતાવરણ ઊભું થાય છે, તેની અસર એમાં ભાગ લેનારા ઉપર તો થાય જ છે, પરંતુ આ ધૂનથી ઊભા થયેલા વાતાવરણની અસર તો ઘણા દિવસો સુધી રહેતી હોય છે. એટલે જાણે અજાણે, અહીં આવનારાને પણ આ દિવ્ય આંદોલનોનો લાભ મળશે.

ગુરુમહારાજે તપશ્ચર્યાની વ્યાખ્યા કરતાં કહ્યું

હતું કે **'ઊંચા ધ્યેય માટે સ્વેચ્છાએ ઉઠાવેલું કષ્ટ એટલે તપશ્ચર્યા.'** આવી ચોવીસ કલાકની ધૂનમાં કષ્ટ તો હોય છે જ, અને આ કષ્ટ પણ સ્વેચ્છાએ જ ઉઠાવેલું હોય છે. પ્રશ્ન રહ્યો ફક્ત ધ્યેયનો. આપણે સૌ ઊંચા ધ્યેયથી આવી ધૂન કરીએ એ ખૂબ જરૂરી છે, નહિતર આવો કાર્યક્રમ જલસો બની જાય, આનંદ આપી જાય, પણ એટલું પૂરતું થોડું છે ?

આવી ધૂન દ્વારા, તેનાં આંદોલન દ્વારા, વાણી, વર્તન વિચાર દ્વારા આપણે આપણા શરીરને અને મનને શુદ્ધ કરવાના છે અને તે દ્વારા આપણું જીવન પરિશુદ્ધ કરવાનું છે. વિશ્વરૂપ ગુરુમહારાજના વિશ્વને સંવાદિતામય રાખવાની આપણી ફરજ છે.

ગુરુમહારાજને, રંગ અવધૂતને જ્યારે આપણે 'મારો રંગ અવધૂત' કહીએ છીએ ત્યારે આપણું જીવન ધીરે ધીરે એવું થતું જવું જોઈએ કે જે જોઈને ગુરુમહારાજને આનંદ થાય. **પોતાનાં સારા અને સદ્‌ગુણી સંતાનોને જોતાં જેમ પિતા રાજી થાય તેમ આપણને જોતાં ગુરુમહારાજ રાજી રાજી થઈ જવા જોઈએ.**

આપણું જીવન આવું બને એ માટેના નિષ્ઠાપૂર્વકના પ્રયત્નો કરવાના-ઊંચા ધ્યેય સાથે આવી ધૂનમાં આપણે જોડાતા હોવા જોઈએ. ખરેખર તો આવી ધૂનો કરતાં કરતાં આપણું જીવન એવું થઈ જવું જોઈએ કે આપણે રંગ અવધૂતને 'મારો' કહીએ છીએ તો ગુરુમહારાજ આપણને સામે પગલે ચાલીને 'મારો છે' એવું કહે. **ધૂન કરીએ ત્યારે પડોશીને કે મહોલ્લામાં કોઈને પણ ઉપાધિ ન થાય તે ખાસ જોવું જોઈએ.**

વાણીમાં નિખાલસતા, પ્રાંજલતા હશે, જીવન વર્તનમાં સરળતા, ઋજુતા, દંભરહિતતા ને નિરાડંબરપણું હશે તો ગુરુના કે પ્રભુના સાચા ભક્ત બની શકશો ને ધૂન સાર્થક થશે, નહિતર હતા ત્યાંના ત્યાં જ રહીશું.

આવું સત્કર્મ સ્વયં જ આશીર્વાદ સમાન છે, પછી બીજા શું આશીર્વાદ આપું ? ગુરુમહારાજને ગમે એવા એમના બાળક થવા માટે ગુરુમહારાજના અજસ્ર આશીર્વાદ ઊતરો. ૐ અવધૂત ચિંતન શ્રીગુરુદેવ દત્ત.

'સેવા સૌરભ', પ્ર.આ., પૃ. ૯૭ ❑

**હરિઃૐ**

**પૂજ્ય શ્રીમોટાએ તા.૨૩ જુલાઈ, ૧૯૭૬ના રોજ દેહત્યાગ કર્યો તે પહેલાં લખેલા પત્રો પૈકીના બે પત્રો :**

(૧)

**'જેમણે જેમણે મને મદદ કરી છે, મારું કામ કર્યું છે, તેમનો તેમનો આભાર માનું છું. ભગવાન તેમનું યશકલ્યાણ કરો.' - મોટા**

(૨)

**'ગુરુમહારાજ જીવતા પ્રાણી છે, એમ નથી. એ તો એમને કે આપણને ખપ પડે, માણસ જેવા થઈ, આપણા આગળ થઈને જે તે આપણું ઉકેલી આપે છે. ખરે વખતે ખરા વખતના ભક્તનું ન અટકી રાખે છે. નિજના ભક્તનું કામ કદી પણ ન અટકાવે છે.' - મોટા**

'ભગતમાં ભગવાન', છઠ્ઠી આ., પૃ. ૫૨૦

## (૪) માનવમન : સાર્વજનિક જગ્યા

આપણે આપણા માર્ગમાં આવનાર નિર્બળતાઓ અને કઠિનાઈઓ વિશે સભાન થવું જોઈએ એને બદલે આપણે 'અહં, એમાં આપણું કશું ન ચાલે, માનવસ્વભાવ જ એવો છે.' એમ કહીને આપણે તેમને વાજબી ઠેરવીએ છીએ. **આપણી ઈચ્છા કશો ફેરફાર કરવાની કે બદલવાની હોતી નથી** અને આપણે જેમ કરતા હોઈએ એમ કર્યે જવાની આપણી ઈચ્છા હોય છે.

માનવની નિમ્ન પ્રકૃતિ તો હંમેશાં વસ્તુઓની માગણીઓ કર્યે જ જતી હોય છે. એ કહે છે, 'આ તો જીવનની જરૂરિયાતો છે. આ વસ્તુ વિના તો મારે ચાલે જ નહિ.' પછી એમાં આત્મરતિ માટેની અનેક અંધ પ્રેરણા અને છેતરામણીઓ ભળે છે. આપણા સ્વરૂપનો નિમ્નભાગ એવી માગણી કરે છે કે એને પોતાને જેની જેની જરૂર લાગે એ બધું એને આપવું જોઈએ, નહિ તો એ જીવી નહિ શકે. એ પોતે જે કરે છે તેને પાછો વાજબી ઠરાવવા મથે છે.

લોકોમાં એવો એક જુનવાણી ખ્યાલ છે કે આપણે અમુક પ્રકારની પ્રકૃતિ સાથે લઈને જ જન્મીએ છીએ અને ગમે તે રીતે આપણે એની સાથે મેળ પાડી લેવાનો રહે છે, કારણ કે આપણે એ પ્રકૃતિનું પરિવર્તન કરી શકીએ તેમ નથી. એટલે **શ્રીઅરવિંદ આપણને કહે છે કે જો તમે તમારી પ્રકૃતિને બદલી ન શકતા હો તો યોગ કરવાની તકલીફ લેવાની જરૂર નથી, કારણ કે યોગ કરવાનો હેતુ જ પ્રકૃતિને બદલવાનો છે...**

ભૌતિક રીતે જીવવાને માટે આપણે-કમનસીબે-ખાવું પડે છે. કમનસીબે એટલા માટે કે ખોરાકની સાથે દરરોજ અને સતત આપણે આપણી અંદર ભયંકર પ્રમાણમાં અચેતના, તમસ, ભાર અને જડતા ગ્રહણ કરતાં રહીએ છીએ. **જમતાં પહેલાં પોતાનું ભોજન ભગવાનને નૈવેદ્ય કરીને લેવાની ધાર્મિક પદ્ધતિનો મૂળ અને બુદ્ધિગમ્ય ખુલાસો આ છે.**

પ્રાણમય રીતે પણ વસ્તુ એમ જ છે. જગતની પ્રાણમય શક્તિઓ તમારી અંદર પ્રવેશ કરે છે, બહાર નીકળે છે, એકબીજા સાથે જોડાય છે, એકબીજા સામે લડે છે અને તમારી ચેતના સાથે ભળી જાય છે. તમે જે લોકો સાથે વસતા હો તે લોકોમાંથી આવતાં બધાં વિરોધી પ્રાણમય આંદોલનો તમારે અનિચ્છાએ પણ સતતપણે ગ્રહણ કરવાં પડતાં હોય છે. તેનો ચેપ આપણને અવિરતપણે લાગતો રહે છે.

મનોમય બાબતમાં પરિસ્થિતિ એથી પણ ખરાબ છે. **માનવમન એક સાર્વજનિક જગ્યા જેવું હોય છે.** એ બધી બાજુએથી ખુલ્લું હોય છે અને આ જાહેર સ્થળમાં ગમે તે વસ્તુઓ આવે છે, જાય છે અને બધી દિશાઓમાંથી આરપાર ચાલી જાય છે. કેટલીક વસ્તુઓ એ જાહેર જગ્યામાં રહી પડે છે અને એ હંમેશાં સારામાં સારી હોય તેવું હોતું નથી અને પછી એ ટોળાં ઉપર કાબૂ પ્રાપ્ત કરવો એ અતિશય મુશ્કેલ કાર્ય હોય છે.

તમારા મનની અંદર આવતા વિચાર ઉપર કાબૂ મેળવવા પ્રયત્ન કરી જોજો એટલે તમને એની ખબર પડશે. **સરલ ભાષામાં કહીએ તો એક સંત્રીની માફક તમારે નિરીક્ષણ કરતાં રહેવું પડે છે.** મનરૂપી સાર્વજનિક સ્થળ કે જ્યાં બધી બાજુએથી રસ્તાઓ ભેગા મળે છે ત્યાં દરેક મિનિટે પોલીસની જેમ દેખરેખ રાખતા રહેવું પડે છે, જેથી એ રસ્તે થઈને જનારા બધા તમારી અંદર ધસી ન આવે. એ એક મોટું કામ છે. સાચા દિલથી પ્રયત્નો છતાં એ મુશ્કેલીઓનો અંત તમે એક દિવસમાં, એક મહિનામાં, એક વર્ષમાં પણ પામી શકો તેમ નથી.

તમે જ્યારે શરૂઆત કરો ત્યારથી જ તમારામાં અવિચલ ધૈર્ય હોવું જોઈએ.

'શ્રીમાતૃવાણી, ૧૯૫૧-૫૩', પ્ર.આ., પૃ. ૫ ❑

## (૫) મંત્રજપની વૈજ્ઞાનિક સમજ

**સ્વામી શ્રીસદાશિવ**

**બ્રહ્મ જિજ્ઞાસુઓ માટે મંત્રજપ એક વિજ્ઞાન છે,** કોઈપણ વૈદિક મંત્રનો વિધિ સહિત, છંદબદ્ધ અને યથોચિત ઉચ્ચારણ કરવામાં આવે તો સ્થૂળ શરીર અને સ્થૂળ શરીરમાં રહેલાં સૂક્ષ્મ મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહંકારનું સંશોધન અને વિકસન કરીને જીવનને મધુર બનાવે છે, સર્વથા સુંદર અને સુખી બનાવે છે.

આપણા સ્થૂળ શરીરમાં વાત, પિત્ત અને કફના દોષોને કારણે ઘણી નાડીઓ રૂંધાયેલી હોય છે, પરિણામે નખથી શિખા સુધી સંપૂર્ણ શરીરના સમગ્ર નાડીમંડળમાં પ્રાણગતિ અબાધિત રૂપે સંચાલિત થઈ શકતી નથી. તેથી આપણી જ્ઞાન-ઈચ્છા-ક્રિયા શક્તિઓ બાધિત હોય છે, એટલે કે પ્રત્યેક જ્ઞાન, પ્રત્યેક ઈચ્છા અને પ્રત્યેક કર્મમાં સફળતા મળતી નથી. **પ્રાણગતિ રૂંધાય છે તેથી શરીરમાં રોગ આવે છે, મનની ગતિ રૂંધાય છે એટલે મનમાં વિક્ષેપ થાય છે** અને વિક્ષેપને કારણે દુઃખ પણ થાય છે. પ્રાણ અને મનને સાથે લઈને અહંકાર શરીરમાંથી ગતિ કરી શકે છે, પણ પ્રાણ અને મન એક શરીરમાં પણ બરાબર ગતિ કરી શકતા નથી તેથી અહંકાર પણ શરીરાન્તરમાં ગતિ કરી શકતો નહિ હોવાથી આપણે કેવળ આ સ્થૂળ દેહમાત્રા પર અહંપણાનું અભિમાન ધરાવીએ છીએ અને મિથ્યા અહંતાને વશ થઈને દુઃખી થયા કરીયે છીએ. વૈદિક પરિપાટી મુજબ વેદ વિજ્ઞાન સંમત વિહિત વિધિ વડે વેદ મંત્રોના સતત ઉચ્ચારણ કરતા રહીને ક્રિયા, ઈચ્છા, જ્ઞાન આ ત્રિવિધ શક્તિ રૂપી સ્થૂળ, સૂક્ષ્મ, કારણ આ ત્રિવિધ શરીરને સંશોધન અને વિકસન કરીને જીવનમાં પૂર્ણતા મેળવી શકાય છે. પરિપૂર્ણ આનંદના અધિકારી બની શકાય છે.

જીવનને પૂર્ણતા તરફ ગતિ કરાવવા માટે અલૌકિક પ્રવૃત્તિની આવશ્યકતા છે, તેને માટે અશુદ્ધ અને જડ પ્રાણને વિશુદ્ધ અને સૂક્ષ્મ બનાવવાની અપેક્ષા છે. અધોમુખી જડ પ્રાણને ઊર્ધ્વ બનાવવા માટે પ્રાણને તપરૂપી તાપ આપવાની જરૂર છે. શરીરસ્થ પ્રાણને વિશુદ્ધ બનાવવા, અત્યંત શક્તિસંપન્ન બનાવવા વેદ વિજ્ઞાન કે મંત્ર વિજ્ઞાનની પદ્ધતિ વડે પ્રાણને આંદોલિત (Vibrate) કરવાની જરૂર છે, જેથી વિશુદ્ધ પ્રાણ વિદ્યુત પ્રવાહની જેમ સમગ્ર શરીરની નાડી જાળમાં પ્રવાહિત કે ગતિમાન અને સંચારિત થઈને હૃદયમાં જઈ મનોબળ વધારે, મસ્તકમાં જઈ વિચારશક્તિને તીવ્ર બનાવે, તેમ જ વાણી, હાથપગ આદિ કર્મેન્દ્રિયોને બળવાન બનાવે જેથી વિચાર અને ભાવનાને કાર્યમાં પરિણમિત કરવા માટે ઓજસ્વી વાણી અને હાથપગની શક્તિઓ ઉપયોગી નીવડે. આ રીતે પ્રાણશક્તિનું સંશોધન અને વિકસનની જે પદ્ધતિ છે તે તપસાધ્ય છે, આંતરિક પ્રયાસ સાધ્ય છે, **કેવળ શાસ્ત્ર ગ્રંથનું અધ્યયન કરવાથી, કેવળ કથાવાર્તા સાંભળવાથી, ધાર્મિક ઉપદેશો શ્રવણ કરવાથી જીવનનો પરિપૂર્ણતાનો આનંદ અને આસ્વાદ મળતો નથી.**

મંત્રનો અર્થ થાય છે મનનું ત્રાણ એટલે રક્ષણ કરવાની જેનામાં શક્તિ છે એવા

ચૈતન્યશક્તિ સંપન્ન શબ્દો કે શબ્દોનો સમૂહ. જેના પ્રત્યેક શબ્દ, અક્ષર પ્રત્યેક કાનો માત્રા ચૈતન્ય શક્તિથી સભર હોય. આમ જે શબ્દ કે શબ્દ સમૂહનું વારંવાર ઉચ્ચારણ, મનન ચિંતવન કરતા રહેવાથી આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક આમ ત્રિવિધ તાપથી રક્ષણ કરે છે તેને મંત્ર કહેવામાં આવે છે, આ રીતે જોતાં **મંત્રને મન સાથે સીધો સંબંધ છે, કેમ કે મનની શક્તિ કે સહયોગ વિના મંત્રજપ થઈ શકતા નથી.**

મનનો સંબંધ પ્રાણ સાથે છે, શરીરમાં પ્રાણ બળવાન છે. બળવાન પ્રાણના સહયોગથી વાણી બળવાન બનાવી શકાય છે. વાણીનો સંબંધ શરીર, પ્રાણ, મન આમ બધાં જ સ્થૂળ સૂક્ષ્મ તત્ત્વો સાથે છે. વાણી તેજ તત્ત્વમય છે. મંત્રજપ ત્રણ રીતે થાય છે. માનસિક, ઉપાંશુ અને વાચિક. વાચિક મંત્રજપ કનિષ્ટ હોવા છતાં પ્રાણશુદ્ધિ માટે, શરીરશુદ્ધિ, નાડીશુદ્ધિ માટે અનિવાર્ય છે. **વાચિક જપ સિવાય પ્રાણશુદ્ધિ થતી નથી અને વાણીશુદ્ધિ સિવાય માનસિક જપ વિટંબણારૂપ બની જાય છે.** ધારા પ્રવાહરૂપે, છંદબદ્ધ રીતે (Rhythemetic) વાચિક જપ કરવાથી શરીરમાં એક પ્રકારની સૂક્ષ્મ ગરમી (ઊર્જા) ઉત્પન્ન થાય છે જે શરીરમાં રહેલા વાત, પિત્ત અને કફના દોષો દૂર કરીને શરીર નીરોગી બનાવે છે. વાચિક મંત્રજપથી પ્રાણ ઉદ્‌બોધિત થાય છે. નાકથી દીર્ઘ શ્વાસ ભરીને સંવાદિપણે છંદબદ્ધ મંત્રજપ બોલવાથી પ્રાણાયામ અનાયાસ થાય છે, વળી, પ્રત્યાહારની ક્રિયા પણ થાય છે અને સીધા આકાશતત્ત્વમાં ધારણા, ધ્યાન થાય છે. મંત્ર શબ્દ છે, શબ્દ એ આકાશતત્ત્વનો ગુણ છે એટલે શરીરસ્થ કંઠ સ્થાપનના આકાશતત્ત્વમાં (વિશુદ્ધચક્રમાં) ધારણા ધ્યાન થાય છે. નીચેનાં ચક્રોનું ભેદન કરીને સીધા વિશુદ્ધચક્રમાં સ્થિત થવાય છે. નીચેનાં ચક્રોનાં જે વિઘ્નો છે એ ચક્ર અતિક્રમમાં નડતા નથી. **આ રીતે વાચિક જપથી સાધકનું પ્રાણબળ, મનોબળ વધે છે.** આમ, સતત મંત્રજપને કારણે સાધકનું મન મંત્ર સ્વરૂપમાં પરિણમે છે, મન કેંદ્રિત થાય છે, મનના સંકલ્પ વિકલ્પો ઘટતા જાય છે. પ્રત્યેક વૈદિક મંત્રનો હેતુ, દ્રષ્ટાઋષિ, મંત્રાધિષ્ઠાતૃ દેવતા અને છંદ હોય છે, આનાથી પરિચિત થવું પણ જરૂરી હોય છે. છંદ સિદ્ધ થાય તો મંત્રસિદ્ધ થાય છે. છંદમાં ઉચ્ચારનું મહત્ત્વ વિશેષ છે. મંત્રનો સ્પષ્ટ અને શુદ્ધ ઉચ્ચાર પ્રાણ-મનનું શુદ્ધિકરણ અને ઉદ્‌બોધન કરે છે.

'પ્રજ્ઞારસમાધુરી ભાગ-૨', સંકલનકર્તા : જે. કે. પટેલ ❑

**હરિઃૐ**

**સુખની શોધ**

**આપણી પ્રત્યેક પ્રવૃત્તિ જાણે અજાણે સુખની શોધમાં છે, પણ સુખ શું છે એ આપણે સમજી શક્યાં નથી હોતાં. ક્ષણિક સુખ કયું અને હંમેશનું કયું તેની આપણને સમજ પડી નથી. સુખની લાગણી અનુભવવા આપણે મોહમાં તણાઈએ છીએ. તે સુખ લાંબો વખત ટકતું નથી. સાચું સુખ શામાં છે એ ખોળવાનું મન થયું નથી ત્યાં સુધી આપણે અટવાયા જ કરવાનું છે. - શ્રીમોટા**

'જીવન પગરણ', પાંચમી આવૃત્તિ, પૃ. ૪૮

## (૬) ફૂલહાર અંગે

**શ્રીઉપાસની મહારાજ**

તા. ૧૫-૫-૧૯૩૨ શ્રીઉપાસની મહારાજશ્રી મોટરમાં ઉમરેઠથી અમદાવાદના શ્રી યોદ્ધા સાહેબના જતિની પોળમાં તેમના 'હીરાભવન' નામે ઓળખાતા મકાનમાં પધાર્યા અને ત્યાં ઘરના ચોકમાં બિરાજ્યા હતા, તે વખતે કેટલાક ભક્તોએ ગળામાં હાર પહેરાવ્યો. તેને ઉદ્દેશીને મહારાજે બોલવાની શરૂઆત કરી :

આ હાર તો ઉપરનો છે અને તેની બનાવટ ફૂલની એટલે કુસુમની છે. એ અર્પણ કરવાની જરૂર છે, કારણ કે **કુસુમ એટલે મન. શાસ્ત્રમાં પણ મનને કુસુમ કહેવામાં આવે છે.** મન તરેહ તરેહના સારાનરસા વિચારો, કલ્પનાઓ કર્યા કરે છે, તેથી દુઃખ ભોગવે છે અને જન્મમરણના ફેરામાં પડે છે. ભગવાનને કુસુમનો હાર પહેરાવવાનો રિવાજ છે. તેનો અર્થ એ છે કે **મનને સત્પુરુષના, ભગવાનના ગળામાં નાખવું. જેથી જન્મમરણના ફેરામાંથી છુટાય.** પોતાનો રંગબેરંગી હાર સત્પુરુષના ગળામાં નાખ્યાના નિશાન તરીકે આ ફૂલહાર સત્પુરુષને પહેરાવો પડે છે. એકવખત એવી રીતે મનનો હાર સત્પુરુષને પહેરાવી દેવામાં આવે તો સત્પુરુષને તેની જોખમદારી લઈ લેવી પડે છે. આ કારણસર જો કોઈ હાર પહેરાવે અને સત્પુરુષ ફુલાઈ જાય તો તેથી તેને બહુ નુકસાન ખમવું પડે છે, કારણ કે એ તો એક જવાબદારીનું કામ છે. હાર પહેરાવનારની સર્વ જવાબદારી હાર પહેરનાર સત્પુરુષે લેવી પડે છે.હું આ ફૂલહારને તેથી એક મહાન જવાબદારી લેખું છું. વારંવાર જન્મ આવે છે એવા મનની માળા મને પહેરાવવામાં આવે છે. તેથી મારી જવાબદારી મહાન છે.

ઈશ્વરને આ જગતની ખોટી ચીજો આપીને તેની પાસેથી સારું લેવું એવો શાસ્ત્રનો નિયમ છે. તે જ પ્રમાણે આ ફૂલહાર આપીને તમારે તમારું ખરાબ હોય તે કાઢીને ચિત્તશુદ્ધિ કરી લેવી.

પછી ચોકના સુશોભિત ટાઇલ્સ દેખાડીને મહારાજશ્રીએ પૂછ્યું, 'આ અહીં મળે છે કે ? એની કંઈ ખાણ હોય છે કે ?' આ ભવન તો ટાઇલ્સના લીધે વૈકુંઠ જેવું દેખાય છે, તેથી વૈકુંઠ જ છે અરે ! વૈકુંઠમાં છે શું ? એક જ વસ્તુ જુદા જુદા પ્રકારની બને છે. જે પ્રમાણે ચીજ એક જ છે પણ આપણે જુદાં જુદાં રૂપે થઈ ગયા છીએ તે જ પ્રમાણે આ છે.

ભગવાનનાં ઘણાં મંદિરો છે. આ મંદિર, ઘર આદમીનું તો ના જ કહી શકાય માટે અહીં ગુપ્તરૂપે ભગવાનની વસ્તી હોવી જોઈએ. જ્યાં ગુપ્તપણે ઈશ્વરની વસ્તી હોય ત્યાં જ આવું સુશોભિતપણું આવે છે. આવાં મંદિર, ભવન કે ઘરનો માલિક તો માત્ર નામધારી નોકર છે. માલિકે એમ ના સમજવું કે આ ભવન મેં જ મારા પૈસા વડે બાંધ્યું છે, મારું જ છે. આ સુશોભિતતા ગુપ્તપણે ઈશ્વરની વસ્તી છે તેથી આવી છે એ વાત ધ્યાનમાં રાખીને માલિકે એવો વિચાર કરવો કે **આ સુશોભિત સંસાર ઈશ્વરનો છે એમાં મારું કંઈ નથી એવો જો વિચાર કરે તો તે ઈશ્વર પાસે ચાલ્યો જાય છે.** આ પ્રમાણે કરવાને બદલે જો અભિમાનથી એ એમ સમજે કે આ બધું મેં કર્યું છે. પૈસા હું કમાયો છું, ઘર મેં બંધાવ્યું છે તો અહીં જીવતાં સુધી જ બધું 'મારું મારું' એનું રહે છે, પરંતુ પછી આ મારાં મારાંને લીધે એ દુઃખરૂપ જન્મમરણના ફેરામાં પડે છે. માટે ડાહ્યો માણસ આ બધું ઈશ્વરનું સમજીને ઈશ્વરના નોકરની પેઠે રહે છે, કામ કરે છે. **માણસે એની સર્વ માલમિલકત ઈશ્વરની છે એમ સમજીને વહેવાર કરવો જેથી તેને સુખ મળે અને જન્મમરણના ફેરામાં પડાય નહિ.**

'શ્રીઉપાસની જીવનકળા', પ્ર.આ., પૃ. ૬૬૧-૬૬૩

સંકલન : પ્રિયવદન જોશી ❑

## (૭) ભગવાનનું ઠેકાણું એના નામથી જડે

**શ્રીમોટા**

આ સાધના કરવાની કે ભગવાનનું નામ લેવાનું વગેરે એટલા માટે જ છે કે આપણામાં એની સભાનતા રૂઢ થઈ જાય. એના તરફ આપણું ચિત્ત સતત આકર્ષાયેલું રહ્યા કરે. વ્યવહાર પણ એને માટે છે. સંસાર પણ એને માટે છે. આ સંસારનો ખેલ તેં રચ્યો છે.તારી માયા વડે કરીને તું બધાંને ભમાવે છે. સચ્ચિદાનંદની ઉચ્ચમાં ઉચ્ચ ભૂમિકા પર રહેલો 'એ' 'તું' જ છે એ બધું બુદ્ધિથી બોલીએ પણ જે પકડ આવવી જોઈએ એ નથી આવતી. એટલા માટે જ ઊર્ધ્વ પ્રકારની પ્રક્રિયા કરવાની છે.

બાળકને જુદી જુદી જાતનાં રમકડાં આપી દેવાય એટલે એ રમવામાં પડી જાય. ભગવાને આપણને આ સંસાર આપી દીધો છે. એ સંસારની માયામાં આપણે બસ ભમ્યા જ કરીએ છીએ. બાળક, રમકડાંની રમતમાં માને ભૂલી જાય છે, તેવી રીતે આપણે સંસારની માયામાં ભગવાનને ભૂલી જઈએ છીએ.

આપણામાં જે ચેતન છે એની સભાનતા આપણામાં જલદીમાં જલદી કેમ થાય-સ્થળ અને કાળના લાંબા ગાળાને કેમ ટૂંકાવાય એ માટેનો શોર્ટકટ-ટૂંકો માર્ગ-તંત્ર છે. એમાં સિમ્બોલીઝમ છે-ત્રિકોણ, એમાં ચતુષ્કોણ વગેરે જુદાં જુદાં યંત્રો બતાવ્યાં છે-એ દ્વારા સમજી લેવાનું જે તે બધું બ્રહ્માંડ છે તે ચોકઠામાં છે. એ બુદ્ધિથી સમજાય છે. તેમ આપણે જ્યાં સુધી શરીરધારી છીએ ત્યાં સુધી સત્યને પણ આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ચોકઠામાં ગ્રહણ કરી શકે છે. **જાણેઅજાણે જગત સાકારને જ સ્તવે છે, નિરાકારને સેવતું નથી.**

પણ એ તંત્રને શીખવાને માટે અમુક પ્રકારની ભૂમિકા જોઈએ. **તંત્ર, ચેતનને પામવાને માટે ટૂંકામાં ટૂંકો માર્ગ-શોર્ટકટ ટુ રીયલાઈઝ ડિવાઈન-છે.** પણ એની અંદર શું શું છે એની મને ખબર નથી. પણ જે જીવના કામક્રોધાદિક મોળા પડ્યા છે, તે પ્રકારનો જીવાત્મા જ તંત્રનું સાધન કરવાને યોગ્યતાવાળો છે.

તંત્રમાં પાછા બે માર્ગ પડ્યા. કૃષ્ણ અને શુક્લ. કૃષ્ણ માર્ગમાં માયામાં પડ્યા રહે પણ પેલી રિયાલીટીને ભૂલે નહિ. ઊંચામાં ઊંચા પ્રકારના જીવો આ તંત્ર માર્ગ પર હોય. અત્યારે કોક ઠેકાણે હશે, પણ બહુ થોડાક હશે.

હાલના જીવોને માટે સરળમાં સરળ કોન્સ્યસનેસ-સભાનતા-આપણને રહે તો ભજન, કીર્તન, સત્સંગ, સદ્વાંચન કોઈ પણ સાધનથી કરીને દિવસના આપણાં સકળ કર્મ કરતાં કરતાં સભાનતા રહે.

**હરિ કરતાંય હરિનું નામ ચડિયાતું છે. નામથી કરીને નામીનો પરિચય થાય છે. પહેલાં કંઈ નામ લેવાથી પરિચય થતો નથી. નામ જેમ જેમ વધારે ને વધારે ઘૂંટાય, પછી રસ પ્રગટતો અનુભવાય.** મુસલમાન, ખ્રિસ્તી બધામાં આ નામ પ્રચિલત થયેલું છે.

આપણે રામ કે કૃષ્ણ બોલીએ છીએ ત્યારે આપણને અભિપ્રેત દશરથપુત્ર નથી પણ ચૈતન્યની એવી આઈડેન્ટીટી છે, જે શબ્દથી વ્યક્ત થનાર ચૈતન્ય છે. કૃષ્ણ એટલે યશોદા કે નંદનો છોકરો નહિ. આપણે રામ કે કૃષ્ણ

બોલીએ છીએ એને એબ્સ્ટ્રેક્ટ તરીકે લઈએ છીએ. જેને દશરથનો પુત્ર રામ કે યશોદાનો છોકરો કૃષ્ણ એવું ઊગતું હોય તો તે બરોબર નથી. તેવી રીતે 'અલ્લા'-ખ્રિસ્તી લોકો શું બોલે છે એની મને ખબર નથી પણ પાદરીઓ માળા રાખે છે એટલે કશુંક બોલતા તો હશે જ. મુસલમાનો મહંમદ પયગંબર સાહેબનું નામ નહિ લે, એમને તો રસૂલ સમજે-એટલે કે મેસેન્જર-પયગંબર.

મૂળ નામી છે એ તો એબ્સ્ટ્રેક્ટ છે. નામ જ ઘૂંટાવું જોઈએ એવું કંઈ નથી હોં. સામાન્ય માણસને આશરો લેવા માટે નામ છે, પણ નામનો ભાવ પ્રગટે -એ ભાવ જાગે તો એ ભાવ સાતત્ય વડે કરીને એ નામનો પરિચય આપણને થાય છે. માટે નામને મોટું કહેલું છે.

આયુર્વેદિક દવા ઘૂંટવાથી જેમ એની શક્તિમત્તા વધે છે તેવી રીતે ભગવાનનું નામ વધારે ને વધારે ઘૂંટાયે જાય છે ત્યારે એમાંથી ફલિત થતી શક્તિ ને ઉત્સાહ વધે છે. મારો અનુભવ છે કે ભગવાનનું નામ લેતાં લેતાં બેચાર કલાક થાય એટલે ઉત્સાહ આવે. સાહસ, હિંમત જેવા ગુણોનો ઉદય થતો અનુભવેલો. શરૂઆતમાં તો મને સમજણ ન પડે કે આટલો બધો ઉત્સાહ કેમ રહે છે ! કોઈ એવો પ્રસંગ-સંસારમાં કે જીવનમાં બન્યો નથી, તો કેમ આમ ? એવું થતું. બહુ દિવસ પછી ખબર પડી કે સહનશક્તિ પણ વધે છે, સાહસ વધે છે. **આ માર્ગ માટે સાહસ અનિવાર્ય, કારણ કે આમાં તદ્દન અજાણ્યા રસ્તે જ દોટ મૂકવાની છે.** આવા ગુણો આપણામાં છે જ પણ એ વ્યક્ત થાય છે-છતા થાય છે. ત્યારે આમાં શક્તિ છે એમ સમજાય છે.

સંસાર વહેવારમાં-**સુખમાં કંઈ ભગવાન એકદમ યાદ ન આવે,** પણ કોક દુઃખના પ્રસંગમાં 'હે હરિ, હે પ્રભુ, હે ભગવાન' અથવા તો સંસ્કારે કરીને જે હોય તે નામ યાદ આવે છે. કેટલાય એવા ચોર-લુંટારાને પણ ભગવાનનું નામ લેતાં સાંભળેલા છે. ભગવાનનું નામ લેતાં ભગવાનના ભક્ત થયા છે.

નામથી પૂછતાં પૂછતાં જવાય છે, જેમ કે 'ભાઈ ફલાણાનું ઘર ક્યાં આવ્યું ?' તેને જાણનાર બતાવે છે. નામથી જડી આવે છે. **ભગવાનનું ઠેકાણું પણ એના નામથી જડી આવે છે. એ નામ કલાકેક લીધે પત્તો નહિ ખાય. ખરેખરી રીતે નિરંતર થવું જોઈએ.**

'અગ્રતા-એકાગ્રતા', પ્ર.આ., પૃ. ૫૭ ❑

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન/ભેટ

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | શ્રીમતી શાલ્મીબહેન ભરતકુમાર ઠાકોર દીકરી ચિ. કરિશ્માના લગ્ન (તા.૧૯-૩-૨૦૨૦) નિમિત્તે | નરોડા | ૧,૧૧૧/- |
| ૨. | ગુણવંતભાઈ ભુંગરીયા | અમદાવાદ | ૫૦૧/- |
| ૩. | વસીબહેન રાજેન્દ્રભાઈ પટેલ | સુરત | ૧૦૧/- |

**ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ.** **- સંપાદક**

## (૮) શ્રીમોટા : શ્રીઅરવિંદ : કેટલીક સામ્યતા

**બાબુ સરકાર**

*(શ્રી બાબુ સરકાર ઉર્ફે શ્રી બી.સી. બારાઈના નામથી 'હરિભાવ'ના વાચકો જાણકાર છે. **'ભગતમાં ભગવાન'**નું અંગ્રેજીમાં ભાષાંતર કરવામાં તેઓ નિમિત્ત બન્યા છે. તેઓ શ્રીઅરવિંદના સાહિત્યના અભ્યાસી છે. શ્રીમોટા સાથે તેમની કેટલીક સામ્યતાઓના તેમનાં લખાણને સંપાદિત કરી પ્રકાશિત કરાયું છે. આમાં સરખામણીની લેશમાત્ર ભાવના નથી.-**સંપાદક**)*

પૂજ્ય શ્રીમોટાએ એક વખત શ્રી નંદુભાઈને કહેલું કે શ્રીઅરવિંદને પહેલાં વાંચી જજો, પછી મારું લખાણ બહુ સરળતાથી સમજી શકશો. શ્રી નંદુભાઈનું પણ એક મંતવ્ય હતું કે શ્રીઅરવિંદનું સાહિત્ય અંગ્રેજી ભાષામાં છે, તે જ વિગતો શ્રીમોટાના સરળ ગુજરાતી ભાષામાં હોય છે. માત્ર તેમનાં લખાણોમાં જ સામ્યતા છે એમ નથી, પરંતુ બન્નેના જીવનમાં બનેલ પ્રસંગો-ઘટનાઓમાં પણ કેટલુંક સરખાપણું-સામ્યતાઓ નજરે પડે છે. આવી સામ્યતાઓ સ્થૂળ અને સૂક્ષ્મ એમ બન્ને પ્રકારની છે.

શ્રીઅરવિંદના પિતાશ્રી શ્રીકૃષ્ણધન પોતે સારા ડૉક્ટર અને ઇંગ્લિશ જીવનપદ્ધતિના ચાહક-પ્રશંસક હતા. તેમની ઇચ્છા હતી કે તેમનાં બાળકોને ભારતીય સંસ્કૃતિના કોઈ સંસ્કારનો સ્પર્શ પણ ન થાય. એટલે **માત્ર ચાર વર્ષની બાળવયથી જ શ્રીઅરવિંદને લંડન મોકલી અપાયેલ.** કેમ્બ્રિજમાં પોસ્ટ ગ્રેજ્યુએશનના અભ્યાસ બાદ આઈ. સી. એસ. ની પરીક્ષામાં જાણી જોઈને નાપાસ થવાના ઇરાદાથી બીજી વખત ખાસ કિસ્સા તરીકે તક અપાયા છતાં છેલ્લી ઘોડેસવારીની પરીક્ષા શ્રીઅરવિંદે નહિ આપેલી. આમ, ભારત ઉપરના અંગ્રેજોની હકૂમતના એક ઉચ્ચ અધિકારી થવા માટેની જરૂરી આઈ. સી. એસ.ની પરીક્ષા તેઓએ પસાર ન કરી.

શ્રીમોટાએ, બરોડા કૉલેજમાં બી.એ. ઑનર્સ થવાના તબક્કે ગાંધીજીનું પ્રવચન સાંભળીને દેશસેવાની ભાવનાથી પ્રેરાઈ, કૉલેજ ત્યાગ કર્યો હતો અને તે પછી **ગૂજરાત વિદ્યાપીઠમાં** પણ આખરી પરીક્ષાને થોડો સમય બાકી હતો તેવા વખતે ફરીથી ગાંધીજીની હાકલના પ્રતિભાવરૂપે અભ્યાસ છોડી દેશસેવામાં-હરિજન સેવામાં જોડાયા હતા.

આમ, દેશભક્તિ-દેશદાઝના પરિબળે બન્નેને અભ્યાસની આખરી ડિગ્રી મેળવતા અટકાવ્યા હતા. ઉપરાંત, અંગ્રેજી રાજમાંથી દેશને મુક્ત કરવાની લડતમાં બન્નેએ જેલવાસ ભોગવેલ હતો.

શ્રીકૃષ્ણ ભગવાને શ્રીઅરવિંદને તેમના જેલવાસના સમય દરમિયાન જ દર્શન આપી ગીતાબોધ સંભળાવેલો. પ્રારંભમાં અંગ્રેજી સંસ્કારની અસરના કારણે તેનો સ્વીકાર કરવામાં શ્રીઅરવિંદને વિલંબ થયો હતો. **૪૦૦ વર્ષ ગુલામીના કારણે દેશનું આત્મબળ નબળું પડી ગયેલું છે,** છતાં શ્રીઅરવિંદને તેમની હયાતી દરમિયાન ભારતને આઝાદી મળશે, એવી ખાતરી શ્રીભગવાને આપી હતી અને સનાતન

ધર્મ જે સુષુપ્ત છે, તેને ફરી જાગ્રત કરવા આદેશ આપેલો. **પહેલાં પ્રભુસેવા પછી દેશસેવા.**

પૂજ્ય શ્રીધૂણીવાળા દાદાજીએ શ્રીમોટાને દેશસેવાનું ઝનૂન છોડી દેવા જણાવેલું. એ વાત શરૂમાં શ્રીમોટાને ગળે ઊતરી ન હતી. શ્રીમોટાને જ્યારે પ્રત્યક્ષ અનુભવ થયો ત્યારે તેઓએ શ્રીદાદાજીની વાતનો સ્વીકાર કરેલો કે સેવાક્ષેત્રમાં પણ રાગદ્વેષ વ્યાપેલ છે. ઉપરાંત, શ્રીદાદાજીએ શ્રીમોટાને એ મતલબનું કહેલું કે **સ્વરાજ મિલેગા-લેકિન તેરે દાંત ખટ્ટે હો જાયેંગે.**

શ્રીઅરવિંદનાં લગ્ન થયેલાં. શ્રીમોટાએ પણ માતાની ઇચ્છા અને ગુરુદેવના આદેશનો સ્વીકાર કરી લગ્ન કર્યાં હતાં, પરંતુ તેઓ સંસારી બન્યા ન હતા. લગ્ન બાદ સમયાંતરે બન્નેની પત્નીઓનાં અવસાન થયેલાં.

શ્રીઅરવિંદને વડોદરામાં શ્રીલેલેએ યોગની દીક્ષા આપી તેમાં **૭૨ કલાક** સામે બેસાડી શૂન્યનો સાક્ષાત્કાર કરાવેલો. પૂજ્ય શ્રીબાળયોગીજીએ નડિયાદ-ડભાણના રસ્તે હાજી મંજિલમાં શ્રીમોટાના કપાળમાં-આજ્ઞાચક્ર ઉપર લોખંડના ખીલાનો ઘા કરીને મનના વિચારો અટકાવી વિચારશૂન્ય સ્થિતિમાં **૭૨ કલાક** રાખ્યા હતા.

શ્રીઅરવિંદને એકાંતમાં સાધના કરવાનો આદેશ મળેલો. જે છેલ્લે પોંડીચેરીમાં શક્ય બનેલું. શ્રીધૂણીવાળા દાદાજીએ શ્રીમોટાને મૌન, નમ્રતા, અભય અને એકાંતનાં ચાર સાધન આપેલાં. દર વર્ષે એક મહિના માટે દૂર દૂર જંગલના ઊંડાણમાં એકાંત માટે તેઓ જતા હતા. તેઓનો રાત્રિવાસ સ્મશાનમાં જ રહેતો.

શ્રીઅરવિંદને મનમાં શંકા ઊભી થઈ હતી કે શ્રીકૃષ્ણ સાક્ષાત્ કેવી રીતે જેલમાં મારી સામે હાજર થઈ શકે ? સૂપા ગુરુકુળના પ્રસંગમાં શ્રીમોટાને શ્રીબાળયોગીજીએ સાક્ષાત્ હાજર થઈ જે ખાતરીનાં વચન કહેલાં તે સ્વીકારવામાં શ્રીમોટાને પણ શંકા ઊભી થઈ હતી, કારણ કે તેઓ તો પંચત્ત્વ પામી ગયેલા હતા. છેવટે શ્રીબાળયોગીજીએ આપેલી ખાતરી પ્રમાણે શબ મળી આવતાં શંકાનું નિવારણ થયેલું.

શ્રીઅરવિંદે અને શ્રીમોટાએ ઘણા લાંબા પત્રો લખેલા છે. ગદ્ય ઉપરાંત પદ્યનો પણ ઉપયોગ બન્નેએ કરેલો છે. આમાં આધ્યાત્મિક માર્ગના પ્રવાસી માટે ઘણા ખુલાસાઓ છે. સાહિત્ય ઉપરાંત શાસ્ત્રોની કક્ષામાં ગણાય તેવું એ લખાણ છે.

શ્રીઅરવિંદ અંગ્રેજી માધ્યમમાં ભણેલા એટલે તેમના વિચારો પણ અંગ્રેજી ભાષામાં હોય. પાછળથી શ્રીઅરવિંદ ભારતની કેટલીક ભાષાઓ ગુજરાતી, હિંદી, સંસ્કૃત, છેલ્લે બંગાલી અને તામીલ શીખ્યા હતા. પરદેશની ગ્રીક, લેટીન, ફ્રેન્ચ, જર્મન વગેરે ભાષાઓ ઉપર પણ શ્રીઅરવિંદનું સારું પ્રભુત્વ હતું. જ્યારે શ્રીમોટાએ સરળ ઘરગથ્થુ-કોશિયો સમજી શકે એવા પ્રકારની ગુજરાતી ભાષાને માધ્યમ બનાવેલું.

**શ્રીઅરવિંદના અને શ્રીમોટાના પ્રારંભના આશ્રમ દક્ષિણ ભારતમાં પોંડીચેરી અને કુંભકોણમ્‌માં થયા.** આંતરિક શુદ્ધિ, પ્રાણશુદ્ધિ, અહમ્‌શુદ્ધિ વગેરે ઉપર બન્નેએ ભાર મૂકેલ છે. શ્રીઅરવિંદે-Purification of the vital, of

the ego, of the mind, of the Buddhi and of the heart-એમ વિગતો જણાવી છે. એના વગર મંત્રજાપ કે સાધનામાં ઉઠાવ આવવો કે પ્રગતિ થવી શક્ય નથી.

શ્રીઅરવિંદ એ મતના હતા કે પૈસાનો ત્યાગ ન કરવો જોઈએ. બલકે ધંધા-વ્યાપારથી પૈસો કમાવો જોઈએ અને સારા માર્ગે તેનો વપરાશ કરવો જોઈએ. શ્રીમોટાના મતે પણ સાચી નીતિ-ધારાધોરણોથી વ્યાપાર કરવો જોઈએ. શ્રીમદ્ રાજચંદ્રની વ્યાપારની રીતિ-નીતિનો ઉલ્લેખ શ્રીમોટાએ કરેલો છે જ.

**અંત સમયે બન્નેની કિડ્‌ની કામ કરતી બંધ થઈ ગયેલી તેમ જ તેઓ બન્નેએ ઇચ્છામૃત્યુથી દેહત્યાગ કર્યો છે.**

શ્રીમોટાના અને શ્રીઅરવિંદના પત્રસાહિત્ય અંગેની સામ્યતાની બાબતમાં, શ્રીમોટાના પુસ્તક **'જીવનપ્રવેશ'**ની પ્રસ્તાવનામાં પ્રો. રા.બ.આઠવલે સાહેબે જે વિગતો વ્યક્ત કરી છે, તેનું આ નીચે અવતરણ રજૂ કરી આ લખાણ પૂરું કરીએ :-

**'જીવનપ્રવેશ'**ના આ પત્રો વાંચતી વખતે અથવા ખરું કહું તો સાંભળતી વખતે મને વારંવાર 'Letters of Sri Aurobindo' યાદ આવતા હતા. શ્રીઅરવિંદે સાધકોને લખેલા સેંકડો બલકે હજારો પત્રોનો સંગ્રહ અંગ્રેજીમાં ચારપાંચ ખંડમાં હમણાં પ્રસિદ્ધ થયો છે. **તેમાંના પત્રોનું પ્રસ્તુત સંતપુરુષના પત્રોની સાથે આશ્ચર્યકારક સામ્ય છે.** સાધકે સાધનાનો માર્ગ કેવી રીતે આક્રમણ કરવો અને તેમ કરતાં નિત્ય વ્યવહારમાં અત્યંત જાગરુક રહીને કેવી રીતે વર્તવું, તેની સૂક્ષ્મમાં સૂક્ષ્મ સૂચનાઓ આ બન્ને સંતપુરુષોના પત્રોમાં તદ્દન સરખી જ રીતે કરેલી છે. **ફરક આટલો જ છે કે યોગી શ્રીઅરવિંદની વાણી પ્રૌઢ તથા અત્યંત શુદ્ધ અંગ્રેજી ભાષામાં પ્રગટ થઈ છે, જ્યારે પ્રસ્તુત સંતની વાણી, ઘરગથ્થુ, જીવતી, તથા સુંદર ગુજરાતી ભાષામાં અવતરી છે. છતાં આ બન્ને મહાપુરુષોના અનુભવની વાતોમાં વાંચનારને ચકિત કરે એટલું સાદૃશ્ય છે.** એ સાદૃશ્ય એટલું બધું વિસ્મયકારક છે કે કેટલાકને તેમાં એકની બીજા ઉપર થયેલી અસરનો ભાસ પણ થાય. **પણ હકીકત એ છે કે શ્રીઅરવિંદનો પત્રસંગ્રહ પ્રસિદ્ધ થતાં પહેલાં ઓછામાં ઓછા બાર વર્ષો પહેલાં પ્રસ્તુત સંગ્રહમાંના કેટલાક પત્રો લખેલા છે.** તેથી આ બન્ને પત્રસંગ્રહો જોઈને 'સાક્ષાત્કારી પુરુષોના વિચારો અને હૃદયના ભાવો સ્વતંત્ર હોવા છતાં તદ્દન મળતાં હોય છે' એ નિર્ણય ઉપર આવ્યા વિના છૂટકો નથી'.

પૂજ્ય શ્રીમોટા અને પૂજ્ય શ્રીઅરવિંદનાં જીવન અને કાર્યની વિગતો ઉપરથી આ તો માત્ર ઉપરછલ્લી રીતે નરી નજરે જણાઈ આવે એટલી જ વિગતો જણાવી છે. હકીકતમાં તો આથી વિશેષ વિગતો પણ તારવી શકાય એમ છે. સાથોસાથ એટલી સ્પષ્ટતા કરવાનું મન થાય છે કે આ લખાણમાં બે મહાપુરુષો વચ્ચે સરખામણી કરવાની લેશમાત્ર ભાવના નથી જ નથી. ❑

## (૯) અક્રિય મન શુદ્ધ રહે છે

શ્રી છોટાલાલ જીવણલાલ

**પ્રત્યેક મનુષ્ય પોતાના મનનો વિકાસ કરી શકે એમ છે, અને તેમ કરવાના ઘણા માર્ગ અને રીતો છે, પરંતુ સહુથી સહેલામાં સહેલો માર્ગ એ છે કે જે થોડી વાતો આપણને સાચી જણાઈ હોય તેમને આપણા નિત્યના જીવનમાં આચારમાં મૂકવી. આ માર્ગ સહેલામાં સહેલો અને સર્વોત્તમ છે.**

જે આપણે જાણતાં હોઈએ, તેને આચારમાં મૂકવું એ જ વધારે જાણવાના સામર્થ્યની વૃદ્ધિ કરવાનો માર્ગ છે. આ જ મનનો વિકાસ કરવાની કૂંચી છે. તમે જે હાલ જાણતા નથી તે જાણવાને માટે હાયવરાળ કરવામાં નકામો સમય ન ગાળો. હાલ તમે જે જાણો છો તે ભલે નિર્માલ્ય હોય તોપણ તેને આચારમાં મૂકો. તેના કારણે વધારે ઊંચી વાત જાણવાનું સામર્થ્ય તમારા મનમાં આવશે. પછી તે 'વધારે ઊંચી વાત'ને પાછી આચારમાં મૂકો.

**પ્રત્યેક વિચારમાં તેનું પોતાનું વાસ્તવિક બળ હોય છે,** પણ તે બળને વસ્તુઓ ઉપર, સ્થિતિ ઉપર-પ્રસંગો ઉપર ન વાપરવું, પણ આપણા પોતાના બળની વૃદ્ધિ કરવામાં એ વિચારબળનો ઉપયોગ કરવો. જ્યારે તમારા જીવનમાં જે કંઈક બને છે અથવા નથી બનતું તે તમારા વર્તન પ્રમાણે જ બને છે અથવા નથી બનતું, આથી, તમારે પ્રતિદિન વધારે શ્રદ્ધા, વધારે નિશ્ચય, વધારે પ્રસન્નતા, વધારે ઉત્સાહ અને વધારે વિશુદ્ધિ ધાર્યાં કરવાં જોઈએ. આ સઘળું કરવા સાથે પરમેશ્વરના ઉપર આધાર રાખો. **પરમાત્મામાં પૂર્ણ અભેદના ભાનપૂર્વક જીવન ગાળ્યા વિના કોઈ પણ મનુષ્ય સર્વોત્તમ થઈ શકતો નથી.** આ કલ્પના નથી પરંતુ યથાર્થ શાસ્ત્રીય નિશ્ચય છે.

આ જગતમાં વ્યવહારમાં આપણને જે જે વસ્તુઓ મળે છે, તે સર્વ માટે આપણે મનુષ્યજાતિ ઉપર થોડો અથવા ઘણો આધાર રાખવો પડે છે. આથી, **જેના સંબંધમાં આપણે આવવાનું થાય તે સર્વની સાથે યોગ્ય પ્રકારે સંબંધવાળા થવાનું અત્યંત અગત્ય છે.** બીજાઓનો આપણામાં વિશ્વાસ બેસે એવું વર્તન આપણે રાખવું જોઈએ.

'આના કરતાં તો મને મોત આવ્યું હોત તો સારું થાત' એવા ભાવનાં વચનો બોલીને કે વર્તન કરીને ઘણા પોતાનો કંટાળો દર્શાવે છે. પણ **જગતને શ્રદ્ધાવાળા મનુષ્ય જોઈએ છે.** જે મનુષ્ય બીજાની દયાથી અથવા કરુણાથી વિજયને પ્રાપ્ત કરવાની આશા રાખે છે તે મનુષ્ય નિષ્ફળ જાય છે.

**જે નિરંતર માયાળુ વર્તન રાખે છે, તેના પ્રતિ જ સર્વ, અધિકમાં અધિક માયા દર્શાવે છે.** બીજાઓના ઉપર સમભાવ દર્શાવવામાં કદી પણ પાછી પાની ન કરવાથી જ, બીજાઓ આપણા પ્રતિ વાસ્તવિક સમભાવ દર્શાવે છે.

ક્યાં જવું અને શું કરવું તેનો કશો પણ ઉપાય તમને ન સૂઝે ત્યારે નિશ્ચય કરજો કે તમારું અંતઃકરણ વિકળ થયું છે. આવે પ્રસંગે શાંત થાઓ. નેત્ર મીંચી અંતઃકરણમાં ઊંડા ઊતરો અને ત્યાં પ્રવર્તતી અપૂર્વ શાંતિમાં વિલીન થાઓ. ક્યાં જવું અને શું કરવું તે તમારા અંતરના ઊંડા ભાગમાં સ્પષ્ટ છે, પણ

**(અનુસંધાન પેજ નં. ૨૨ ઉપર)**

## (૧૦) સપ્તપદી

**પાંડુરંગ આઠવલે**

લગ્ન એ માનવજીવનની એક એવી નિશ્ચિત ક્રિયા બની ગઈ છે કે લગ્નનો અર્થ ન સમજનારના પણ લગ્ન તો થઈ જ જાય છે. મોટા ભાગના લોકો લગ્ન તરફ ઉપરછલ્લી નજરે જોતા હોય છે. આંતરસંસ્કારો કરતાં બહિરંગને અધિક મહત્ત્વ અપાઈ રહ્યું છે. આવાં લગ્નોમાં મોહ, પ્રેમનો અંચળો ઓઢીને ફરતો દેખાય છે. **દિલ કરતાં દૃષ્ટિને અહીં વધુ પ્રાધાન્ય અપાય છે.**

કેવળ ભોગવિલાસ માટે પરણતા માનવના જીવનમાં સંવાદિતા જોવા મળતી નથી. નિત્યનો વિવાદ એમના જીવનમાં વિખવાદ સર્જે છે. લગ્ન કરવા માટે એવી જ વ્યક્તિ લાયક છે કે જેનામાં પ્રેમ કરવાની તાકાત છે. એકબીજાના ગુણદોષોને સહી લેવાની વૃત્તિ-સહનશીલતા જ સફળ લગ્નની સર્જક બને છે. સુયોગ રીતે ગોઠવાઈ જવું એ ઉભયપક્ષનો જીવનમંત્ર હોવો જોઈએ.

**લગ્નમાં પુરુષ કરતાં સ્ત્રીનું પ્રાધાન્ય વિશેષ છે, કારણ કે સ્ત્રીએ પોતાનું જીવન પુરુષમાં ભેળવી દેવાનું છે.** લગ્ન એ પુરુષના કર્તૃત્વ અને સ્ત્રીના સમર્પણનું સુભગ મિલન છે. પુરુષ ગદ્ય હશે અને સ્ત્રી પદ્ય હશે. આ ગદ્યપદ્ય સંગ્રહનું નામ જ છે લગ્નજીવન. નદી જેમ પોતાનાં રંગ, રૂપ, આકાર વગેરે ત્યજીને સાગરમાં ભળી જાય છે, તે જ રીતે સ્ત્રી પોતાનું સમગ્ર વ્યક્તિત્વ પુરુષમાં ભેળવી દે છે. દૂધમાં ભળી ગયેલી સાકર દેખાતી નથી અને છતાં દૂધની મીઠાશને વધારે છે, તે જ પ્રકારે સ્ત્રી ગુપ્ત રહીને પુરુષના જીવનની મધુરતા વધારે છે. વ્યંજનમાં ભળેલો સ્વર દેખાતો નથી, પણ સ્વર વગરનો વ્યંજન લંગડો છે.

પતિપત્નીના જીવનમાં કોઈ મહાન ધ્યેય હોવું જોઈએ. પતિના તેજની સામે ઝૂકવામાં સ્ત્રીનો આનંદ અને પત્નીને કેવળ ભોગદાસી ન સમજતાં તેનું સાચું સન્માન કરવામાં પુરુષની પ્રસન્નતા હોવી જોઈએ. પતિપત્નીના સંબંધો પ્રેમની ઉષ્માથી યુક્ત, ભાવની ભીનાશથી ભરેલા, વિશ્વાસપૂર્ણ અને સંશયથી પર હોવા જોઈએ. સંસારના આ બધા મધુર ભાવો જો પ્રભુ તરફ વળે તો એ જ સાચી ભક્તિ બની રહે.

**લગ્ન એ આજીવન સાથે રહેવાનું વ્રત છે.** લગ્નસંસ્કારમાં આવતી સપ્તપદી એ ચિરસહવાસની પ્રતિજ્ઞાનું પ્રતીક છે. આજે જ્યારે વ્યક્તિ સ્વાતંત્ર્યનો પવન ચોમેર ફૂંકાવા લાગ્યો છે અને ઠેર ઠેર સ્ત્રીને પુરુષ સમોવડી બનાવવાનાં બણગાં ફૂંકાય છે ત્યારે તો સપ્તપદીમાંની વરવધૂની પ્રતિજ્ઞાઓ વિશેષરૂપે સમજવા જેવી લાગે છે. સ્ત્રી, પુરુષ સમાન બને એમાં સ્ત્રીનો વિકાસ નથી. સ્ત્રી પણ પુરુષની માફક અર્થોપાર્જન કરી શકે એમ કહીને કેટલાક ચાલાક લોકોએ પુરુષોની કમાવાની એકમાત્ર જવાબદારીનો બોજો પણ અનેક જવાબદારીઓથી લદાયેલી સ્ત્રી ઉપર નાખી દીધો છે.

સ્ત્રીને આર્થિક સ્વાતંત્ર્ય સાંપડતાં ક્યારેક તે થોડી અહંકારી અને ભોગવાદી બનવા લાગી છે. તેના જીવનમાં રહેલો સમર્પણભાવ સુકાવા

લાગ્યો છે. પરિણામે સમાજમાં છૂટાછેડાના કિસ્સાઓ વધવા લાગ્યા છે. સ્ત્રી અર્થોપાર્જન ન કરે અને છતાંય એને પારતંત્ર્ય સાલે નહિ એવી સુંદર વ્યવસ્થા આપણા શાસ્ત્રકારોએ કરી હતી. પુરુષ અર્થોપાર્જન કરે અને એનું કમાયેલું બધું સ્ત્રીના હાથમાં આપી દે. આમ, વિત્તની વ્યવસ્થા સંપૂર્ણ રીતે સ્ત્રીના હાથમાં રહે ત્યારે પુરુષ પણ પોતાને જોઈતા પૈસા સ્ત્રી પાસેથી માંગી લે એમાં સ્ત્રીનું ગૌરવ જળવાતું અને પુરુષ પણ યથેચ્છ પૈસો ન વાપરી શકવાથી સ્વૈરાચારથી અટકતો હતો. સ્ત્રી એ ગૃહની સામ્રાજ્ઞી ગણાતી. ઘર સ્ત્રીનું ગણાતું અને પોતાની પ્રેમશક્તિથી તે ઘરને સ્વર્ગ બનાવતી.

આજના કાળમાં લગ્નપ્રસંગનું ગાંભીર્ય જ ચાલ્યું ગયેલું જણાય છે. વિવાહ એ સંસ્કાર ન રહેતા સમારંભ બની ગયો છે. તેમાં મંત્ર-શ્રવણને બદલે મહેમાનોની સરભરાને વધુ મહત્ત્વનું ગણવામાં આવે છે. હવે પાવિત્ર્ય કરતાં પ્રદર્શનનું વધારે મૂલ્ય આંકવામાં આવે છે. ચલચિત્રોનાં અશ્લીલ ગીતોનો ઘોંઘાટ, ચારિત્ર્ય સૃજનના ભાવમંત્રોને અશ્રાવ્ય બનાવી દે છે.

**લગ્ન એ સ્ત્રીને માટે તો નવા અવતાર સમું છે.** નવું જીવન, નવું વાતાવરણ, નવા સંબંધીઓને તેણે આત્મસાત્ કરવાના હોય છે. સાત પગલાં સાથે ચાલવાથી મૈત્રી થાય છે, એવું શાસ્ત્રવચન છે. તેથી જ વિવાહ સંસ્કારમાં સપ્તપદીનું આગવું મહત્ત્વ છે. આ સપ્તપદીમાં મધુર અને મનોહારી ભાવ રહેલો છે. વધૂ પોતાના પતિ માટેનો ભાવ અભિવ્યક્ત કરે છે. પતિની પ્રાપ્તિને પત્ની પોતાનું સૌભાગ્ય અને પોતાના જન્માંતરના પુણ્યકર્મનું ફળ માને છે. બીજી પ્રતિજ્ઞામાં તે સમગ્ર કુટુંબનું પાલન કરવાની તેમ જ યથાલબ્ધ પદાર્થોમાં સંતોષથી રહેવાની ખાતરી આપે છે. સ્ત્રી માત્ર પતિ સાથે જ ન પરણતાં સમગ્ર કુટુંબ સાથે જોડાય છે, એ ભારતીય આદર્શનું અહીં દર્શન થાય છે. કુટુંબના નાનામોટા દરેક સભ્યને પોતાનાં પ્રેમ અને સેવાથી વશ કરી લેવાની જવાબદારી પોતાને શિરે લે છે.

સંતોષ વગર સુખ નથી એ વાતની વધૂને પ્રતીતિ છે. સ્ત્રીનો અસંતોષ પુરુષને વધુ અર્થોપાર્જન માટે અનીતિના માર્ગે પ્રેરે છે અને અનીતિથી મેળવેલું ધન અશાંતિ અને અસુખનું કારણ બને છે. પતિ નિસ્તેજ બને કે બહારના લોકોની સમક્ષ લાચારી કરતો ફરે એ પતિવ્રતા સ્ત્રીને ગમતું નથી. પતિનું તેજ ટકાવવું એ સ્ત્રીના હાથની વાત છે. અરુંધતીએ વસિષ્ઠનો સંસાર આવો તેજસ્વી બનાવ્યો હતો અને તેથી જ લગ્ન વખતે વરવધૂને અરુંધતીનો તારો દેખાડે એવી વિધિ છે.

ત્રીજી પ્રતિજ્ઞામાં વધૂ, આજ્ઞાપાલક બનવાની અને રોજ સ્વાદિષ્ટ અને મધુર રસોઈ જમાડવાની ખાતરી આપે છે. મનગમતી રસોઈ એ જ મિષ્ટાન્ન ! સ્ત્રીને રસોડાની રાણી કહેવાય છે. રસોઈ કરવી એ સ્ત્રીને માટે ઉપહાસનું નહિ પણ ઉલ્લાસનું કામ છે. મહારાજ રસોઈ બનાવે અને સૌ પોતાના સમયે જમી જાય એ તો વીશી-લૉજ કહેવાય. વળી, મધુર વાતાવરણમાં જમાય એ જરૂરી છે. ક્લેશ, કંકાસથી યુક્ત વાતાવરણાં મિષ્ટાન્ન પણ ઝેર જેવું લાગે છે, જ્યારે પ્રેમાળ

સંબંધ સૂકા રોટલામાં પણ માધુર્ય સર્જે છે.

ચોથી પ્રતિજ્ઞામાં વધૂ, સ્વચ્છ, પવિત્ર અને શૃંગારથી યુક્ત રહેવાની વાત છે. દાંપત્ય જીવનમાં એ મહત્ત્વનો ભાગ ભજવે છે. લગ્ન પછી પણ પત્નીએ પતિની પ્રિયતમા બની રહેવાનું હોય છે. પાંચમી પ્રતિજ્ઞામાં વધૂ, સુખદુઃખમાં સમભાગિની બનવાની ખાતરી આપે છે. સુખ વહેંચવાથી વધે છે અને દુઃખ વહેંચવાથી ઘટે છે. દુઃખના પ્રસંગે સ્ત્રી, પુરુષને ધૈર્ય આપે છે. છઠ્ઠા પગલે વધૂ, ઘરનાં બધાં જ કામો આનંદથી કરવાની અને વડીલોની સેવા તેમ જ સગાંસંબંધીઓનો સત્કાર કરવાની પ્રતિજ્ઞા લે છે. સાથોસાથ પતિ તરફથી પોતાને છેતરવામાં ન આવે તેવી પ્રાર્થના પણ કરે છે. **વિશ્વાસ જ દાંપત્ય જીવનનો પાયો છે.** સંશયની એક નાનકડી ચિનગારી સમગ્ર સંસારની વિશાળ ઈમારતને ભસ્મીભૂત કરે છે.

સાતમા પગલે વધૂ કહે છે કે, હું યજ્ઞકાર્યમાં સાથે રહીશ. ધર્મ, અર્થ, કામ સંબંધી કાર્યોમાં સાથે રહેનાર જ પત્ની ગણાય, નહિતર માદા કહેવાય. યજ્ઞ એટલે સત્કાર્ય, ધર્માચરણ પણ મહત્ત્વનું છે. એટલે જ પત્નીને સહધર્મચારિણી જેવું બિરુદ આપવામાં આવ્યું છે.

અગ્નિ, બ્રાહ્મણ, માબાપ અને વડીલોની હાજરીમાં - તેમની સાક્ષીએ વધૂ, પોતાનું જીવન પતિને અર્પણ કરે છે. એ માત્ર શરીર પૂરતું મર્યાદિત ન રહેતાં મન, બુદ્ધિ અને અંતે અહંકારના સમર્પણ સુધી આગળ વધવું જોઈએ. આવું એકત્વ સંસારમાં સંગીત નિર્માણ કરે છે.

'સંસ્કૃતિ-પૂજન', ૨૧મી.આ., પૃ. ૩૦૫ ❑

**(અનુસંધાન પેજ નં. ૧૯ નું ચાલુ)**

તોફાની પવનમાં પુષ્કળ હીલોળે ચઢેલું મન તેને જોવાને અસમર્થ થઈ ગયું છે.

દરરોજ સવારે થોડો સમય અથવા વધારે સારું તો એ છે કે સવારે, બપોરે, સાંજે તથા રાત્રે સૂતી વખતે એમ ચાર વાર થોડો થોડો સમય અંતરમાં ઊતરી પ્રશાંત પડી રહેવાનો અભ્યાસ કોઈએ કદી પણ છોડી દેવો ન જોઈએ.

દિવસમાં પ્રસંગોપાત્ત આંતરે આંતરે વિચારના વેગને સંપૂર્ણ શમાવી દઈને **મનને અક્રિય રાખવાથી મન શુદ્ધ થાય છે તથા વિચારનું બળ વધે છે. તેનાથી આપણા સામર્થ્યની પણ વૃદ્ધિ થાય છે, કારણ કે આંતર જીવનની પ્રશાંતિમાં પ્રવેશ કરવો એનો અર્થ એ છે કે પરમાત્માના અગાધ સામર્થ્યનો સ્પર્શ કરવો.**

આપણા જીવનમાં એવી પણ ક્ષણો આવે છે કે જે સમયે આ જગતમાં આપણને કશું જ સારું લાગતું નથી, પરંતુ આમ લાગવામાં દોષ કેવળ આપણી દૃષ્ટિનો છે. પ્રકાશમાં રહીએ તો પ્રત્યેક વસ્તુ સારી લાગે છે.

**જ્યારે આપણી દૃષ્ટિ સર્વવ્યાપક ચૈતન્યપ્રતિ અથવા પરમાત્માપ્રતિ રહે છે ત્યારે પ્રત્યેક વિચાર, પ્રત્યેક ક્રિયા અને અનુભવ આપણા જીવનને ઉન્નત કરે છે.** આવી દૃષ્ટિને સર્વ આનંદરૂપ જ જણાય છે. મનુષ્યની આ પ્રકારની દૃષ્ટિ સર્વમાંથી શુભને જ શોધી લે છે અને તેમાં આનંદમગ્ન રહે છે. **જેવા તમે બહાર દેખાવા ઈચ્છતા હો તેવા પ્રથમ તમે અંતરમાં થાઓ.**

'વિશ્વવંદ્ય કિરણાવલી-૨', પ્ર.આ., પૃ. ૧૩૩-સંકલન ❑

# (૧૧) ખાતમુહૂર્ત વિધિનો મર્મ

ખાતમુહૂર્તવિધિ એક એવું કામ છે કે તેની ઉપરથી આપણી સંસ્કૃતિ કેટલી ઊંચી છે, આપણા સંસ્કારો કેટલા ઊંચા છે એનું ભાન થાય છે. આપણે ભૂલેચૂકે કોઈને અથડાઈ જઈએ છીએ તો 'સૉરી' કહીએ છીએ. એ તો ચીલેચલુ રિવાજ છે. ખરેખર તો એ બોલતી વખતે આપણા મનમાં એ પ્રકારની લાગણી થવી જોઈએ. મતલબ કે આપણે કંઈ પણ કશામાં પણ અડચણકર્તા થઈ પડીએ ત્યારે એવી લાગણી થાય છે, એમ આપણા સંસ્કૃતિકારો સમજેલા અને આ પૃથ્વીને, 'પાદસ્પર્શ ક્ષમસ્વ મે'- હે ધરતી માતા ! અમે તને પગ અડાડીએ છીએ તોય તું અમને નડતી નથી. એવી હે મા ! તને તળે ઉપર કરીએ છીએ.'

ખાતમુહૂર્તની આ વિધિ એ ધરતીમાતાને કરેલી એક જાતની પ્રાર્થના છે. આજના કાળમાં એનું મહત્ત્વ બરાબર નહિ સમજાય, કેમ કે **આજકાલ આપણા સમાજમાંથી સંસ્કૃતિ સંસ્કારશીલતા ઘટતી જાય છે. સંસ્કૃતિનું નામનિશાન જતું હોય એવો કાળ આવે છે.** એવું પણ ખરું કે જર્જરિત જબરજસ્ત મકાન તોડી જ નાખવું પડે. તેને તોડી પાડીને મકાન નવું બનાવવું પડે છે. એવી તો આપણા હાલના સમાજની સંસ્કૃતિ જર્જરિત થયેલી છે. તે તૂટી ફૂટીને સર્વ પ્રકારે નાશ થશે. તેમાંથી પાછી નવી સંસ્કૃતિ જન્મશે. આપણી સંસ્કૃતિના કેવા ઉત્તમ પ્રકારના સંસ્કાર હતા, સંસ્કારશીલતા હતી તેનો કંઈ ખ્યાલ આવે માટે વિધિ કરી છે.

એ વિધિ જો ના હોત તો કદાચ આપણી સંસ્કૃતિનું નામનિશાન ભૂંસાઈ ગયું હોત. આવી વિધિ આપણી સંસ્કૃતિનું દિગ્દર્શન કરાવે છે, ત્યારે મારે તમને બધાંને તસ્દી આપવી પડે છે.

આ સાત ધાન છે. તે દરેક જણે લઈ આમાં નાંખવાના અને પછી ધાતુઓ છે તે પણ ધાન છે. પાંચરત્ન પણ ધાન છે. આ બધું અગડમ્-બગડમ્ છે, એમ આ ભણેલાગણેલા લોકોને થાય, પણ બધું હેતુપૂર્વકનું છે. આ બધું કરીને તમારે મેળવવાનું છે. આ અમસ્તુ નથી. પણ કોઈ રહસ્ય સમજતા નથી. એટલે મગજમાં એમને કંઈ ઊતરે નહિ ! આ ખાતમુહૂર્ત વિધિમાં આ બધું ધાન ભૂમિમાં મૂકો છો. સાત ધાતુઓ, પૈસો પણ અંદર મૂકવાનો હોય છે અને પાંચ ધાતુઓ, પાંચ રત્નો એ બધું- આ બધું તમારે કમાવાનું- તેનું જ્ઞાન પ્રગટે, હેતુ સમજાય, તે વિધિ પાછળનો હેતુ છે. એટલે તમે બધા ભાઈઓ એક પછી એક આવીને તમારાથી તે વખતે પ્રાર્થના થાય તો કરજો કે ભગવાનની કૃપાથી ઉદ્યોગ ફૂલજોફાલજો. **આમાં કોઈ વ્યક્તિના સ્વાર્થની વાત નથી, સમાજના સ્વાર્થની વાત છે એમ પ્રાર્થના થાય તો કરજો,** ના થાય તો એમ ને એમ મૂકી દેજો. પણ દરેક જણ આ સાત ધાન લઈ આવી આમાં મૂકી દેજો. એટલી તમને બધાને મારી વિનંતી અને પ્રાર્થના છે.

હવે આ બધું કરતાં પહેલાં આપણે આ પ્રાર્થના બોલી જઈએ. ખાતમુહૂર્તની પ્રાર્થના છે.

**ખાતમુહૂર્ત : મંગળ પ્રાર્થના**

**મંગળ સર્વ કાર્યોમાં, રિદ્ધિ-સિદ્ધિ ગણેશને,**
**પ્રાર્થના કરી ભૂમિમાં, પ્રતિષ્ઠિત થવા પદે. ૧**
**વરાહ કૂર્મ દેવોની, સાથે સાથે સ્તવી હૃદે,**
**પ્રતિષ્ઠિાઓ જગા વિશે, થજો સૌ દેવની ખરે. ૨**
**લીધેલાં કર્મમાં કો વિઘ્ન, મુશ્કેલી ગૂંચ જે,**
**નિમિત્તે સાંપડે તેથી, મળજો મુક્તિ કર્મપે. ૩**
**સર્વ સરળતા પાકી, આ કર્મમાં મળ્યા કરી,**
**ભાવના શુદ્ધ સંપૂર્ણ, રખાવજો અમારી શી ! ૪**
**આ કર્મ જે અમારાથી, ઉત્તમોત્તમ રીતથી,**
**પરિપૂર્ણ બધી રીતે, પાર ઉતારજો વળી. ૫**
**મહત્તા કર્મને પૂરું, યોગ્યતા એની સૌ થવા,**
**ત્યાં અપાજો અમારાથી, પ્રાર્થના એવી પાદમાં. ૬**
**અમારી બુદ્ધિમાં સ્વાર્થ, ચઢી ના બેસજો નર્યો,**
**યોગ્ય થવા બધાંનુંયે, સદ્‌બુદ્ધિ દિલ પ્રેરજો. ૭**
**કર્મની યોગ્યતા રીતે, સધાજો કર્મ તે બધું,**
**દેવાદિ શક્તિની સ્‌હાય, કૃપાથી મળજો સ્તવું. ૮**

આપણી વિધિઓમાં મોટામાં મોટું લક્ષણ ભાગ્યે કોઈને ખ્યાલમાં હશે. દરેક વિધિમાં સૌ પહેલાં ગણપતિની સ્થાપના કરાય છે. આમાં પણ ગણપતિ. ગણપતિની સ્થાપના સૌ પહેલી. તે વિના ચાલે જ નહિ, પણ તેનું રહસ્ય બ્રાહ્મણો કેટલા સમજતા હશે ને આપણે બધાં કેટલું સમજતાં હોઈશું તે રામ જાણે ! પણ મને સમજણ છે. અને તે હેતુથી હું આ વિધિ કરું છું તે તમને સમજાવું ખરો. તમને તે 'રૅશનલ' અને બુદ્ધિથી સ્વીકારવા જેવું લાગે તો સ્વીકારજો. નહિતર હરિ હરિ. 'ગણ'ના ઘણા અર્થ થાય છે. **'ગણ'નો એક અર્થ ઇન્દ્રિયો થાય છે.** જ્યારે કોઈ એક કર્મ લઈને આપણે બેસીએ તે ઇન્દ્રિયો સાબૂત નહિ હોય, મજબૂત નહિ હોય, નિશ્ચળ નહિ હોય તો આપણે કોઈ કર્મ યથાયોગ્યપણે નહિ કરી શકીએ. માટે તેનું ભાન પ્રેરવા માટે કે, 'તારે આ કર્મ કરવું છે તો ઇન્દ્રિયોના સ્વામી થઈ જવું પડશે !' ગણપતિ તમારે થવું પડશે. તમારા કહેવાથી ઇન્દ્રિયો તમારા તાબામાં કંઈ રહેવાની નથી. એ તો સ્વચ્છંદપણે- એની મરજીમાં આવે તેમ વર્તવાની. એનો આકાર કોઈ એક પ્રકારનો નથી. આપણી ઇન્દ્રિયોને ગમે તે પ્રકારનો આકાર છે. ગણપતિનો આકાર એવી જાતનો છે. એટલે દરેક વિધિમાં ગણપતિની સ્થાપના પહેલી, કે તમારે તમારી ઇન્દ્રિયોને મજબૂત રાખવી પડશે. લગ્ન વખતે પણ ગણપતિની વિધિ પહેલાં, કેમ કે લગ્નમાં અનેક પ્રકારના લોકો ભેગા થવાના. તમારા સ્વભાવને તમે સાચવજો. તમારી ઇન્દ્રિયોને તમે વશમાં રાખજો. તમે તતડી ઊઠશો કે ગુસ્સે થઈ જશો તો નહિ ચાલે. જ્યારે મોટાં કામ લઈને બેસો છો ત્યારે ઇન્દ્રિયો વડે કામ લઈ શકાય. મન, બુદ્ધિ, પ્રાણ ને અહમ્ તો ખરાં, પણ તે વખતે ઇન્દ્રિયો પણ સાથે જ હોય છે. ત્યારે એ બધાંના આપણે સ્વામી થવું પડશે. એટલા માટે આ ગણપતિની વિધિ છે.

આ ભૂમિમાતા - આ ભૂમિને આપણે લોકોએ મા ગણી છે. આપણે ભૂમિમાતાને સ્વર્ગથી પણ વધારે ગણી છે. **પણ હું તો જે માએ આપણને જન્મ આપ્યો તેના કરતાં પણ ભૂમિમાતાને વધારે ગણું છું,** કેમ કે મા તો બેત્રણ વર્ષ ધવડાવ્યા પછી ખલાસ, પણ આ મા હંમેશ

માટે. તમારા જીવનની પ્રત્યેક જરૂરિયાત, એકએક જરૂરિયાત પૂરી પાડે છે. તમે વિચારી જુઓ. એકએક વસ્તુ જમીનમાંથી મળે છે. ખાવાની વસ્તુ તો ખરી. કપડાંલત્તાં, ધનદોલત, માલમિલકત બધું ભૂમિમાંથી મળે છે. ખનીજ ધાતુઓ પણ ભૂમિમાંથી મળે છે. **એક પણ વસ્તુ એવી નથી જે ભૂમિમાંથી ન મળતી હોય !** પણ તેના લાભ અને ગેરલાભ બન્ને છે. આપણે સમાજમાં જીવવા માટે કોલસો, ધાતુઓ - પેટ્રોલ ને કેટલું બધું કાઢ કાઢ કરીએ છીએ. સમતુલા - જે બૅલેન્સ છે એ - આપણે ખોઈ બેસીએ છીએ. એનાં પરિણામ ભોગવવા તત્પર રહેવું પડશે. આપણે તૈયારી રાખવી પડશે કે આ જે બધું ખોદતા જઈએ છીએ ખરા, પણ આ ધરતીમાતાની જે સમતુલા છે, બૅલેન્સ છે તે આપણે ગુમાવતાં જઈએ છીએ. એ કોઈના ખ્યાલમાં નથી આવતું. ભણેલામાં નથી આવતું - ભણેલા હોવા છતાં. પહેલાં ખ્યાલમાં આવવું જોઈએ. પણ એ આવતું નથી. ઉલ્કાપાતની તૈયારી આપણે રાખવાની. સંસ્કૃતિમાં પહેલેથી આપણે જે કંઈ કર્મ કરીએ, તેમાં ધરતીમાતાને પ્રાર્થના કરીએ છીએ કે, 'મા, અમને તું ક્ષમા કરજે. અમે આ કરીએ છીએ તે અમારા સ્વાર્થને માટે છે. અમારાથી કર્યા વિના ચાલે એવું નથી. અમારા ગુણ ને અહમ્‌ને માટે પણ,' ક્ષમાની ભાવના પહેલેથી માંગી લે છે. પણ અત્યારે એ ભાવના ચાલી ગઈ છે. એ ભાવના કેટલું કામ કરે છે તે તો સાઈકોલોજીનો વિષય છે. પણ આજની સાઈકોલોજીને આ ભાવના ગમતી નથી. એ ભાવના માત્રને ઉડાડી મૂકે છે. આમ છતાં એમાં ભાવના કામ કરે છે. એટલે આજે આ કામ કરાવવાનું આવ્યું છે, ત્યારે આપણે ભૂમિમાતાને પ્રાર્થના કરીએ કે, 'હે મા, તું અમને ક્ષમા કરજે. તારા પર અમે અનેક પ્રકારના ભાર લાદીએ છીએ.'

તદ્રુપસર્વરૂપ, પ્ર.આ., પૃ-૧૮૦ ❑

**'હરિભાવ'ના આ અંકના ટાઈટલ પેજ-૩ના અનુસંધાને...**

'....હું ભણતો હતો ત્યારથી મારામાં ઘણી તમન્ના કે સમૃદ્ધ થયા વગર આપણા દેશને કોઈ ગણકારશે નહિ. ત્યારે અને અત્યારે પણ સમૃદ્ધ થઈ શકે એવું કોઈ વાતાવરણ નથી, તોપણ જેના વડે કરીને દેશની સમૃદ્ધિ થાય એવાં કામ કરું છું અને મને બુદ્ધિથી એટલું બધું સાચું સમજાયું છે કે જો દેશને સમૃદ્ધ કરવો હોય તો જ્યારે દેશની સ્ત્રીઓ બહાદુર, પરાક્રમી, શૌર્યવાળી, ધીરજવાળી, સાહસવાળી, હિંમતવાળી, મર્દાનગીવાળી થશે ત્યારે અમારી પ્રજા એવી થશે. એવી સ્થિતિ સર્જવા માટે મારે સ્ત્રી થવું છે કે જેથી એમની સાથે હળીમળી શકું.'

'ભગતમાં ભગવાન', છઠ્ઠી આવૃત્તિ, પૃ. ૫૨૦ **- શ્રીમોટા**

# (૧૩) કુવિદ્યાનાં લક્ષણો

**સ્વામી રામદાસ**

કુવિદ્યાવાળો પ્રાણી જન્મ ધારણ કરીને કેવી રીતે પોતાનું અકલ્યાણ કરે છે તે જાણો જેથી તેનો ત્યાગ કરવાનો પ્રયત્ન થઈ શકે. ભગવદ્‌ગીતાના સોળમા અધ્યાયનો ચોથો શ્લોક નીચે પ્રમાણે છે :

दंभो दर्पोऽभिमानश्च क्रोधः पारुष्यमेव च ।
अज्ञानं चाभिजातस्य पार्थ संपदामासुरीम् ॥

(હે પાર્થ ! દંભ, ગર્વ, અભિમાન, ક્રોધ, કઠોરતા અને અજ્ઞાન-આ ગુણો આસુરી સંપત્તિ તરફ વળેલા મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે.)

કામ, ક્રોધ, મત્સર, લોભ, દંભ, તિરસ્કાર, ગર્વ, અક્કડપણું, અહંકાર, દ્વેષ, વિવાદ, તૃષ્ણા, મમતા, ચિંતા, અહંતા, ઈર્ષ્યા, ઈચ્છા, વાસના, અતૃપ્તિ, આસક્તિ, નિંદા, હરામખોરી, જ્ઞાનાભિમાન, અવજ્ઞા, દુર્વૃત્તિ, દુર્વાસના, સ્પર્ધા, ખટપટ, ઉતાવળ, બકવાદ, ટકટક અને ધાંધલ એ સર્વ કુવિદ્યાની પરમ વ્યથાઓ છે.

કુવિદ્યાવાળો અત્યંત કૃપણ, આળસુ, ખાઉધરો, લુચ્ચો, બહુ બોલનારો, નહિ સાંભળનારો, નહિ સમજનારો, ન આવડે કે ન શીખે એવો, છળકપટ કરનારો, અભક્ત તથા ભક્તને પારખી ન શકે એવો, પાપી, નિંદા કરનારો, ઘાત કરનારો, હિંસક તથા અક્કડ અને અપ્રમાણિક છતાં ફાંકાબાજ હોય છે. આ ઉપરાંત તે કામકાજ વિના બેઠાં બેઠાં ઝોલાં ખાય એવો અને બીકણ છતાં પરાક્રમની વાતો કરનાર હોય છે. કુવિદ્યાવાળો કડવાં વેણ બોલનારો, ઉપકાર નહિ જાણનારો કે નહિ કરનારો પણ હોય છે.

કુવિદ્યાવાળો કર્કશ વચન બોલનાર, કપટયુક્ત અને શંકા ભરેલું તેમ જ દુઃખ ઊપજે એવું બોલનાર હોય છે. વળી, અશુભ બોલનાર, અનિત્ય બોલનાર અને તોછડું બોલનાર કુવિદ્યાવાળો છે એમ જાણવું.

કપટી, કુટિલ, મનમાં ગાંઠ રાખનાર, મનનો મેલો, હલકા પ્રકારે પૈસા મેળવનારો, પિશાચની બાધા રાખનારો, માતાપિતાની હત્યા કરનારો, સ્ત્રી હત્યારો પણ કુવિદ્યાવાળો હોય છે. આ ઉપરાંત, કુપાત્ર, કુતર્ક કરનાર, મિત્રદ્રોહી, કૃતઘ્ન, વિશ્વાસઘાતી, કલહ કરનાર, ચાડિયો, ભેદ પાડી લડનાર-લડાવનાર તથા પારકાં પર સત્તા ચલાવનારને કુવિદ્યાવાળો ગણવો. પારકાંનો ઉત્કર્ષ સહન નહિ કરનારો, ઈર્ષ્યા કરનારો, શઠ, મૂર્ખ, ઠગ, વગર વિચાર્યું બોલનારો, જૂઠાં આળ ચઢાવનારો, જેમાં તેમાં માથું મારનારો, પરસ્ત્રી-ગમન કરનારો, લજ્જા વિનાનો, અનાચારીને પણ કુવિદ્યાવાળો જાણવો.

કુવિદ્યાવાળો વિદ્યાહીન, કુલહીન, બળહીન, કળાહીન, બુદ્ધિહીન, આચારવિચારહીન, ક્રિયાહીન, સત્ત્વહીન અને શ્રદ્ધાહીન-વહેમી હોય છે. ભક્તિભાવથી હીન, જ્ઞાન, વૈરાગ્ય, શાંતિ, ક્ષમા આદિ સર્વમાં હીન એટલે ઊતરતો હોય છે. જે સમય કે પ્રસંગ જાણે નહિ, વિનંતી કે મૈત્રી કરી જાણે નહિ એવો અભાગિયો તે હોય છે. કુલક્ષણવાળાનાં આવાં અનેક લક્ષણો હોવાથી એવા કુવિદ્યાવાળાને ઓળખવો તેમ જ કુવિદ્યાનાં આવાં લક્ષણો જાણીને તે ત્યજવાં. અભિમાન કે દુરાગ્રહ રાખવો નહિ. કુવિદ્યાનાં લક્ષણો જાણ્યા પછી તેને વળગી ન રહેતાં છોડી દેવાં એ જ યોગ્ય છે.

'દાસબોધ', બી આ., પૃ. ૧૧૧ ❑



**હું ફરી જન્મવાનો પણ તેની વાર લાગશે... જે જે જીવોનો સમાગમ મારે જોઈએ તે બધા જીવો હું જન્મું ત્યારે હાજર હોવા જોઈએ. ત્યાં સુધી** I Shall have to Wait **(મારે રાહ જોવી પડશે).**

**...મેં મારા મનથી દૃઢ કર્યું છે કે મારે સ્ત્રીનો જ અવતાર લેવો છે, પણ છોકરાં જણે એવી સ્ત્રી નહિ થાઉં...**

**- શ્રીમોટા**

*'ભગતમાં ભગવાન', છઠ્ઠી આવૃત્તિ, પૃ. ૫૨૨*

**HARIBHAV, JULY, 2020**

“RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2018-2020
Valid upto 31st December - 2020 issued by the SSPO’s AHMEDABAD City Division,
Permitted to Post at Ahmedabad PSO on 10th of every month”
Licence to post without Perpayment of postage No. PMG/HQ/004/2018-2020
valid upto 31-12-2020

# દાન


તુમ્હારે તન, મન, ધન વ
બચન સે દૂસરોં કે હિત વ આનંદ મેં
જિતની વૃદ્ધિ કર સકો, યહ હૈ દાન.

# ત્યાગ

અનીતિ કી કમાઈ છોડોગે,
તો મન કી અશુદ્ધિ ચોક્કસ મિટેગી.
તબ વાસનાયેં ભી ચોક્કસ ઘટેગી.
વાસનાઓં કો રોકના યહ હૈ ત્યાગ.

-શ્રીરણછોડદાસજી

‘શ્રીગુરુદેવકી સંનિધિમેં ’ ભાગ-૧, પ્ર.આ., પૃ. ૧૨૬



Printed and Published by PRABHUDAS D. JANI on behalf of HARIWANI TRUST and
Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road,
Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - PRABHUDAS D. JANI E-mail : hariwanitrust@gmail.com